# સેવા સુવાસ




'અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ "મનુષ્ય" કહે છે.'
સ્વામી વિવેકાનંદ

## સંયુક્ત મુખપત્ર

જાન્યુઆરી થી માર્ચ – ૨૦૨૬



સ્વ. પ્રિયવદનભાઈ શાહ પરિવાર : ફીઝીયોથેરાપી યુનીટ ઉદ્ઘાટન



ડો. વોરા પરિવાર : વોર્ડનું ઉદ્ઘાટન



લીલવાની વાનગી ‘સ્પર્ધા’ના વિજેતા



વર્મી કંમ્પોસ્ટ



હોળીની ઉજવણી



ઝઘડિયા ગ્રામરક્ષક દળ બહેનો– સ્વરક્ષણ તાલીમ



સેકન્ડ ઈનીંગ શિબિર



આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

# સેવા સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર ‘‘સેવા સુવાસ’’ તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭થી ‘‘શારદા સુવાસ’’ નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતાં.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણ સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિશેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો અહી રજૂ કરતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.


| | સાંકળીયું | પાન નં. |
|---|---|---|
| ૧. | વલોણું | ૨ |
| ૨. | સત્સંગના સથવારે | ૨ |
| ૩. | માતૃશકિત | ૪ |
| ૪. | અમારી વાત | ૫ |
| ૫. | સંસ્થાનાં સમાચાર | ૭ |
| ૬. | સંશોધનની એરણેથી | ૨૫ |
| ૭. | નાનાઓની મોટાઈ | ૨૬ |


**(મુખપૃષ્ઠ) : તા.૧૨ જાન્યુ. સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ, રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રના ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન**


**સેવા સુવાસ સમિતિ**

બંકિમ શેઠ

| | | |
|---|---|---|
| જાગૃતિ શાહ | ઘનશ્યામ પટેલ | વિક્રમસિંહ વાંસદીયા |
| મુકેશ પરીખ | મંજુલા માછી | ગાયત્રી પટેલ |
| મનીષ ચૌહાણ | પરષોત્તમ વસાવા | જૈમિત રાવલ |

# વલોણું : નિસ્બત

સેવા રૂરલ દ્વારા વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રમાં મુખ્યત્વે ગરીબ અને જરૂરિયાતમંદ અને સ્કુલ ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. ધો.૧૦ નાપાસ થયેલાં વિદ્યાર્થીઓને ધો.૧૦ પાસ થઈ જાય તો તેમની ભવિષ્યની જીંદગીમાં ઉપયોગી બની રહે. તેવો વિચાર અમારા કાર્યકરો પૈકી કેમીકલ ટ્રેડના ઈન્સ્ટ્રકટર મનિષભાઈ ચૌહાણને આવ્યો અને શરૂ થયું ધો.૧૦ના નાપાસ થયેલાં વિદ્યાર્થીઓને પૂરક શિક્ષણ આપવાનું કાર્ય. હવે આ પૂરક શિક્ષણ દર બુધ, ગુરૂ અને શુક્રવારે સવારે ૭ થી ૮માં નિયમિત વર્ગો લેવાનું શરૂ થયું. આ કાર્યમાં મનિષભાઈ ચૌહાણ ઉપરાંત ઝંખનાબેન શેઠ અને ટ્યુટોરિયલ વિભાગના દિક્ષિતભાઈનો ટેકો મળી ગયો. આ બધાના આશ્ચર્ય વચ્ચે વિજીટીકેની ઓફિસના સેવક સરાધભાઈ વસાવા વર્ગો શરૂ થાય એ પહેલાંની પૂર્વ તૈયારી માટે સવારે છ વાગ્યે પણ નિયમિત આવે છે.

આ પ્રયોગ આવકારદાયક છે. પરંતુ સાથે કેટલાંક પ્રશ્નો પણ ઉભા કરે છે, જેવા કે....

- વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રમાં મુખ્યત્વે વોકેશનલ ટ્રેનીગ આપવામાં આવે છે તો મનિષભાઈને આ ૧૦ નાપાસ વિદ્યાર્થીઓને પૂરક શિક્ષણ આપવાનો વિચાર કેમ આવ્યો?
- આવા નવતર પ્રયોગ કરવાનો વિચાર આવે ત્યારે શું કરવું ? નિર્ણય કેવી રીતે લેવો ? શું ધ્યાનમાં રાખી લેવો?
- મનિષભાઈ, ઝંખનાબેન, દિક્ષિતભાઈ અને ખાસ અમારા સેવક સરાધભાઈ જેવા કાર્યકરો કોઈપણ જાતના વળતરની અપેક્ષા રાખ્યા વગર વધારે સમય આપવા કેમ તૈયાર થયાં?
- આ બધા કાર્યમાં એવું કયું ચાલકબળ છે સૌને ઉર્જા આપે છે?
- આવું કાર્ય કરવાથી કોને... શું લાભ થશે?

આ પ્રશ્નોનો એકમાત્ર જવાબ, ''કેન્દ્રમાં વિદ્યાર્થીઓ, શૈક્ષણિક, આર્થિક અને સામાજીક રીતે સ્વાવલંબી બને તેની ''નિસ્બત'' હોય છે.''

# સત્સંગના સથવારે

મારા બહાદુર શિષ્યોને...

(આલાસિંગા પેરૂમલ ઉપર ૧૯મી નવેમ્બર ૧૮૯૪ના રોજ ન્યૂયોર્કથી લખાયેલો પત્ર.)

સંસ્થાને આગળ ધપાવો. પ્રેમ, અંતરની સચ્ચાઈ અને ધીરજ સિવાય બીજું શું છે ? માટે સર્વ પ્રકારનો પ્રેમ એ જીવન છે. જીવનનો એક જ નિયમ છે. સર્વ પ્રકારનું સ્વાર્થીપણું એ જ મૃત્યુ છે. વળી આ નિયમ આ લોકમાં કે પરલોકમાં બધે સાચો છે. અન્યનું ભલું કરવું એ જીવન છે, અને તેમ ન કરવું તે મૃત્યુ છે. જે નેવું ટકા માનવરૂપી પશુઓને તમે જુઓ છો તે મરેલાં છે, પ્રેતો છે, કારણ કે ઓ મારા શિષ્યો ! પ્રેમ કરનાર સિવાય કોઈ જીવંત નથી. મારાં બાળકો ! અન્ય માટે લાગણી રાખતાં શીખો; ગરીબ, અજ્ઞાની અને કચડાયેલાં માટે લાગણી રાખો; એટલી હદ સુધી લાગણી રાખો કે તમારું હૃદય બંધ પડી જાય, મગજ ઘૂમ્યા કરે અને તમને લાગે કે તમે પાગલ થઈ જશો; અને પછી ઈશ્વરને ચરણે હૃદયની વ્યથા ધરી દો. ત્યારે પછી આવશે શકિત, સહાય અને અદમ્ય ઉત્સાહ ! છેલ્લાં દસ વર્ષ દરમિયાન પુરુષાર્થ એ જ

મારો મુદ્રાલેખ હતો. હજુ પણ હું કહું છું કે પુરુષાર્થ કરો ! જયારે સર્વત્ર અંધકાર હતો ત્યારે હું કહેતો કે પુરુષાર્થ કરો ; આજે જયારે પ્રકાશ આવતો લાગે છે ત્યારે પણ હું કહું છું કે પુરુષાર્થ કરો ! મારા શિષ્યો ! ડરો નહીં. પેલા અનંત તારામંડિત આકાશનાં ઘુમ્મટ તરફ એ જાણે કે કચડી નાખશે એવી ભયભીત દ્રષ્ટિથી જુઓ મા. જરા થોભો; થોડા જ વખતમાં એ આખું જગત તમારા પગ તળે આવી જશે. થોભો; પૈસાથી કંઈ વળતું નથી, નામથી પણ નહીં, યશથી પણ નહીં, વિદ્યાથી પણ નહીં. માત્ર પ્રેમથી લાભ મળે છે; માત્ર ચરિત્ર્ય જ મુશ્કેલીઓની વજ્ર જેવી દીવાલો તોડીને તેમાંથી માર્ગ કાઢે છે.

હવે આપણી પાસે પ્રશ્ન આવો છે. સ્વતંત્રતા વિના કોઈ જાતનો વિકાસ હોઈ શકે નહીં. આપણા પૂર્વજોએ ધાર્મિક વિચારોને મુકત રાખ્યા અને પરિણામે આપણને અપૂર્વ ધર્મ મળ્યો. પણ તેમણે સમાજને ભારે સાંકળથી જકડી રાખ્યો જેને પરિણામે આપણો સમાજ, ટૂંકમાં કહીએ તો, ભયંકર પૈશાચી બની ગયો છે. પશ્ચિમમાં સમાજ હંમેશાં સ્વતંત્ર હતો, તેનું પરિણામ જુઓ. બીજી બાજુએ તેમના ધર્મ તરફ નજર કરો.

વિકાસની પ્રથમ શરત છે સ્વતંત્રતા. જેમ માણસને વિચારની કે વાણીની સ્વતંત્રતા હોવી જોઈએ, તે જ રીતે તેને આહારમાં, પહેરવેશમાં, લગ્નમાં અને બીજી બધી બાબતોમાં બીજાને હાનિ ન કરે ત્યાં સુધીની છૂટ હોવી જોઈએ.

આપણે ભૌતિક સંસ્કૃતિ વિરુદ્ધ મૂર્ખાઈભરી વાતો કરીએ છીએ, કેમકે દ્રાક્ષ ખાટી છે. આ બધી મૂર્ખાઈભરી બડાઈ ની વાતો છતાં પણ સમગ્ર ભારતમાં માત્ર એક લાખ જેટલા જ સ્ત્રીપુરુષો સાચી આધ્યાત્મિક વૃત્તિવાળાં છે. હવે માત્ર આટલા જ લોકોના આધ્યાત્મિક વિકાસને ખાતર શું ત્રીસ કરોડને જંગલીપણા અને ભૂખમરામાં ડૂબાડવાં ? શા માટે કોઈએ ભૂખે મરવું જોઈએ ? મુસલમાનોએ હિંદુઓ પર વિજય મેળવ્યો તે શી રીતે શકય બન્યું ? તેનું કારણ હતું ભૌતિક બાબતમાં હિંદુઓનું અજ્ઞાન. મુસલમાનોએ જ તેમને દરજીએ સીવેલાં કપડાં પહેરતાં શીખવ્યું. હું ઈચ્છું છું કે શેરીની ધૂળ ખોરાકમાં ભળી ન જાય તેવી રીતે સ્વચ્છતાથી ભોજન કરવાનું પણ હિંદુઓ મુસલમાનો પાસેથી શીખ્યા હોત. ગરીબોને કામ આપવા માટે ભૌતિક સંસ્કૃતિ, અરે ભોગવિલાસ સુદ્ધાં જરૂરી છે. 'રોટી ! રોટી !' જે ઈશ્વર આપણાને અહીં રોટી આપી શકતો નથી તે સ્વર્ગમાં શાશ્વત સુખ આપશે તેમ હું માનતો નથી. છતાં, ભારતને ઉન્નત બનાવવું છે, ગરીબોને રોટલો પહોંચાડવો છે, શિક્ષણનો વિસ્તાર કરવો છે અને પુરોહિત પ્રથાનાં અનિષ્ટને દૂર કરવાં છે. પુરોહિત પ્રથા ન જોઈએ ! સામાજિક જુલમો ન જોઈએ ! વધારે અન્ન, બધા માટે વધારે તક ! અંગ્રેજો માત્ર હસે છે. જે બીજાને સ્વતંત્રતા આપવા તૈયાર નથી તેવા કોઈ સ્વતંત્રતાને પાત્ર નથી. માનો કે અંગ્રેજોએ તમને બધીય સત્તા આપી દીધી; તો ત્યારે જેઓ સત્તા ઉપર હશે તેઓ લોકોને દબાવી રાખશે, તેમને સ્વતંત્રતા આપશે નહીં. ગુલામો બીજાને ગુલામો બનાવવા સારું જ સત્તા માંગે છે.

હવે, આ બધી પ્રગતિ આપણે ધીરે ધીરે લાવવાની છે, અને તે પણ આપણા ધર્મ માટેનો આગ્રહ રાખીને અને સમાજને સ્વતંત્રતા આપીને. પુરાણા ધર્મમાંથી પુરોહિત પ્રથાનો નાશ કરો, એટલે તમને દુનિયામાંનો શ્રેષ્ઠ ધર્મ સાંપડશે. હું કહું છું તે સમજી શકો છો ?  શું તમે ભારતીય ધર્મ સાથે યુરોપીય પદ્ધતિનો સમાજ ઘડી શકશો ? હું માનું છું કે તે શકય છે અને શકય હોવું જોઈએ.

**સ્વામી વિવેકાનંદ**
**(સાભારઃ વિવેકાનંદના પત્રોમાંથી ટૂંકાવીને)**

# માતૃશકિત

નામઃ પ્રાંકડા દરીયાબેન ગુમાનસિંહ
ઉંમરઃ૮૬ વર્ષ
ગામઃ ઝઘડિયા, સુલતાનપુરા

તા.૨૨/૧૨/૨૫ ને મંગળવારના રોજ સવારના ૧૦ઃ૩૦ વાગ્યે ઘરે વાડામાં ચકકર આવવાથી પડી ગયા. જેથી માથાના ડાબા ભાગમાં વાગવાથી હેમરેજ થવાના કારણે ભાન ભૂલી ગયા હતા. તરત સેવા રૂરલમાં ઈમરજન્સી રૂમમાં લઈ ગયા. ત્યાં ડો. આરતીબેન તથા ડો. નૈતિકભાઈએ ટ્રીટમેન્ટ કરી. રિપોર્ટ કરાવ્યા BP વધારે હતું. જેથી તાત્કાલિક IV Inj. આપ્યું. દરીયાબાને ડાબા અંગમાં પેરાલીસીસ થઈ ગયો હતો અને ભરૂચ સીટીસ્કેન કરાવવા માટે ગયા. રિપોર્ટમાં મોટું હીમેટોમાં થયું હતું. જેથી બાને ઓપરેશન કરાવવું પડશે. ડો. નૈતિકભાઈએ ભરૂચ, અંકલેશ્વર, સુરત અને વડોદરા ચારે જગ્યાએ જયાં ન્યુરોલોજી હોય ત્યાં ખુબ પ્રયત્નો કરી માહિતી મેળવીને અંતે સુરત કિરણ હોસ્પિટલનો સંપર્ક કરીને દાખલ કરાવ્યાં. આમ સેવા રૂરલ સંસ્થા તથા ડો. નૈતિકભાઈના સારા સંપર્ક થયા હોવાથી બીજા દિવસે સવારે ૬ઃ૩૦ વાગ્યે ઓપરેશન માટે લઈ ગયા. ઓપરેશન પછી ICUમાં રાખ્યા અને સાતમાં દિવસે ભાનમાં આવ્યા. આમ સેવા રૂરલ, ડો.નૈતિકભાઈ અને ડો.આરતીબેનના અથાગ પ્રયત્નોથી દરીયાબાને નવું જીવનદાન મળ્યું. તા.૩/૧/૨૬ ના રોજ સાંજે દરીયાબાને સુરત કિરણ હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થતા સીધા સેવા રૂરલમાં જ દાખલ કર્યા. ડોકટરની ટીમે તથા નર્સીંગ સ્ટાફે સતત અને નિયમિત સારવાર અને ખડે પગે સેવા આપી. તા.૫/૧/૨૬ ના રોજ દરીયાબા ફરી સીરિયસ થઈ ગયા માટે ICU માં વેન્ટીલેટર પર મુકયાં. ડોકટર્સ ટીમ અને નર્સીંગ ટીમ દ્વારા સતત ૧૬ દિવસ સુધી સંપૂર્ણ સંતોષકારક સેવા સારવાર મળતા દરીયાબેન ખુબ સારા થઈ ગયા અને હકીકતમાં નવું જીવનદાન મળ્યું.

દરીયાબેનના શબ્દોમાં.....

“સેવા રૂરલ સંસ્થા ડો. નૈતિકભાઈ, ડો. આરતીબેન, ડો. શ્રેયભાઈ દેસાઈ, ડો. અમીબેન, ડો. ભવ્યતીબેન, તથા અન્ય ડોકટર્સ (શાંતાબેન તથા નર્સીંગ ટીમ) તથા તમામ કર્મચારી, સફાઈ કર્મચારી, લેબોરેટરી સ્ટાફ, એમ્બ્યુલન્સ ડ્રાઈવરભાઈ તરફથી ખૂબ સારી સારવાર સાથે પ્રેમ, હુંફ, હિંમત, સંતોષકારક સારવાર આપવા બદલ દરીયાબા નો પરિવાર હૃદયપૂર્વક આભાર માને છે. અમો આભારી છીએ....”

અમારા તરફથી સંસ્થાને તથા ડોકટર્સ તથા નર્સીંગ ટીમને ખૂબ જ તકલીફ પડી હતી. તે બદલ આપ સૌની હૃદયપૂર્વક માફી ચાહીએ છીએ....

“સાથે સાથે ભગવાનને પ્રાર્થના કરીએ કે સેવા રૂરલ સંસ્થાનો ખૂબ વિકાસ થાય ઉત્તરોતર પ્રગતિ થાય અને સંસ્થાના તમામ સમગ્ર સ્ટાફ તથા સ્ટાફ પરિવારને ભગવાન ખૂબ સારી તંદુરસ્તી આપે અને ખૂબ સુખ શાંતિ આપે એવી હૃદયપૂર્વક ભગવાનની ચરણોમાં પ્રાર્થના કરીએ.... એકંદરે ખૂબ સંતોષકારક સેવા સારવાર મળી છે.”

## અમારી વાત

### (૧) પ્રજ્ઞાચક્ષુ પ્રોગ્રામ :

કિશોરભાઈ જેઠાભાઈનો જન્મ ૩૧/૦૫/૧૯૬૨માં નાકરા ગામ જિ. જુનાગઢમાં થયેલ હતો. જન્મ સમયે તેમને બરાબર દેખાતું હતું. પરંતુ પાછળથી ધીમે ધીમે તેમને આંખના પદડાની તકલીફ થવાથી બંને આંખમાં અંધાપો આવ્યો. થોડા સમય બાદ તેઓ નેત્રંગ તાલુકાના આટખોલ ગામે રહેવા આવ્યા. સેવા રૂરલ સંસ્થા દ્વારા કાર્યરત અંધજન પુનર્વસન કાર્યક્રમમાં તેઓનો સંપર્ક થયો. તેઓને સંસ્થા દ્વારા સરકારની આનુષંગિક સેવાઓ જેવી કે અંધત્વનું સર્ટિફિકેટ, બસનો મફત મુસાફરી પાસ અને પેન્શન યોજનાનો લાભ અપાવવામાં આવ્યો. ત્યારબાદ તેઓને વર્ષ ૨૦૦૪માં ટાટાવાડી ફણસા મુકામે તાલીમમાં મોકલવામાં આવ્યા. ટાટાવાડીમાં ખેતી વિષયક તાલીમ ચાર વર્ષ લીધી. ત્યારબાદ ટાટાવાડી ફણસા તરફથી જે અનુદાન મળ્યું તેમાંથી ગામ વેલારી, તા. ગરૂડેશ્વરમાં લોટ દળવાની ઘરઘંટી શરૂ કરી. તેમાંથી તેમને સારી એવી કમાણી થવા લાગી. હવે તેઓ આર્થિક રીતે પણ પગભર થયા હતા. તેમનું બીજું કોઈ સગું વ્હાલુ હતું નહી. માટે તેઓ તેમના ટાટાવાડીના મિત્ર જશવંતભાઈના ગામમાં રહેવા આવ્યા હતા. ગામના લોકોએ પણ સારો સહકાર આપ્યો. સેવા રૂરલમાં પ્રજ્ઞાચક્ષુઓના માર્ગદર્શન માટે યોજાતી મિટિંગોમાં તેઓ અવાર નવાર આવતા હતા તે દરમ્યાન તેઓ ડહેલી ગામના પ્રજ્ઞાચક્ષુ મંજુબેનના પરિચયમાં આવ્યા. તેમને પસંદ પડયા અને મંજુબેનને પણ ગમ્યું. મંજુબેન પણ પ્રજ્ઞાચક્ષુ છે તેઓ વર્ષ ૨૦૧૯માં વિધિવત લગ્નબંધનથી જોડાયા અને પતિ–પત્ની બન્યા અને ઘર સંસાર શરૂ થયો.

સંત સુરદાસ યોજના હેઠળ બંને માસિક રૂા.૧૦૦૦/– પેન્શન મળે છે. અંત્યોદય યોજના હેઠળ અનાજની કીટ મળે છે. કિશોરભાઈ ઘર ઘંટી ચલાવે છે અને મંજુબેન 'પેટીશોપ' ચલાવે છે. સાથે ઘરકામ પણ સંભાળે છે. સરકારની દિવ્યાંગો માટેની સમૂહ લગ્ન યોજના હેઠળ રૂા.૫૦,૦૦૦/– નો લાભ પણ મેળવ્યો છે. મંજુબેન મળતાવડા, કામગરા અને પ્રેમાળ છે. કિશોરભાઈ પણ ઉત્સાહી અને ઉદાર સ્વભાવના છે. તેઓ પ્રજ્ઞાચક્ષુઓને માર્ગદર્શન પૂરું પાડે છે.

(આ વાત–ઘટના જુની છે. પરંતુ હમણાં અમારા કાર્યકરે આ પરિવારની ઘર મુલાકાત કરી અને સુખી પરિવાર જોઈને અમે કરેલા પ્રયત્નોનો સંતોષ થયો. –સંપાદક)

### (૨) ફિઝિયોથેરાપી સેન્ટર : પ્રણિલની પ્રગતિ

પ્રણિલને સૌ પ્રથમ ૧૯/૧/૨૦૨૬ નાં રોજ ઝઘડિયા બતાવવા લઈને આવ્યા હતા. તે પહેલા પ્રણિલને લઈને તેના સગા ૮ માસ સુધી ફિઝિયોથેરાપી સારવાર માટે કરજણ જતાં હતાં. પણ આનાથી કોઈ ફાયદો થતો ન હતો. પછી સેવા રૂરલનાં ફિલ્ડ સ્ટાફ દ્વારા ઝઘડિયામાં આવી સારવાર મળે છે તે માહિતી મળતાં તેઓ સેવા રૂરલમાં લઈને આવ્યા અને તપાસ કરતાં માલુમ પડયું કે બાળકને ડાબી બાજુ લકવો છે. (Lt. Hemiplegia) બાળકની હીસ્ટ્રી લેતા ખબર પડી કે બાળકના જન્મ સમયે નોર્મલ ડીલીવરી થઈ હતી. પરંતુ બાળક રડયું ન હતું અને ૬ દિવસ પછી કમળાની અસર થઈ હતી. અને તેની સારવાર કરેલી. આ દરમિયાન બાળકને ખેંચ આવી હતી. આ ખેંચ ૩ વર્ષ સુધી બાળકને આવતી હતી અને એની સારવાર પણ ચાલતી હતી. ત્રણ વર્ષ પછી ખેંચની તકલીફ ન હતી.

આ બાળક બે વર્ષનું થયું પછી બાળકની કોઈપણ એક્ટિવિટી જેવું કે બેસવુ, ચાલવુ, ઉભુ રહેવુ સામાન્ય બાળક જેવી ક્રિયા ન હતી. સેવા રૂરલમાં આવ્યા ત્યારે પણ આ ૬ વર્ષનાં બાળકને સુવડાવીને ખવડાવતા હતા. તે બેસી પણ શકતો ન હતો, રમકડા રમે નહી, કોઈ વસ્તુ હાથમાં આપે તો ફેકી દેવી, છેલ્લા ૨ માસથી સેવા રૂરલના ફિઝિયોથેરાપી સેન્ટરમાં સારવાર માટે દર પંદર દિવસે આવે છે. અત્યાર સુધીમાં ૧૦ વાર આવીને સારવાર લીધી છે અને ધીમે ધીમે પ્રગતિ થઈ રહી છે.

અત્યારે પ્રણિલને બેસાડીને ખવડાવે છે. વસ્તુ ફેકી દેતો હતો, તે હવે ઓછું થયું છે અને રમકડાથી રમે છે. સ્નાયુ પણ પહેલા કરતા ઢીલા થયા છે અને મમ્મી–પપ્પા સાથે વાત કરી બાળકને બુટ બનાવડાવી આપ્યા. બુટનો ખર્ચ પણ તેમણે ૫૦% ભોગવ્યો છે. માતા પિતાને નિયમિત રીતે ફિઝિયોથેરાપીની સારવાર આપવા સમજાવ્યાં છે. પ્રણિલને આટલું સારૂ થતાં ફિઝિયોથેરાપી ડિપાર્ટમેન્ટ સ્ટાફ પણ ખુબ ખુશ છે.

### (૩) ગ્રામ્ય વિસ્તારમાં કાર્ય કરતા અમારા કાર્યકરોનાં બાળકોની પ્રગતિ :

૧૯૮૦ માં શરૂઆતમાં અમે ૧૮ ભાઈ–બહેનો હતા. અમારે તો 'છેવાડાનો માણસ' અને તેને માટે કામ કરતો 'કાર્યકર' બંનેની જરૂરીયાતોનું સંતુલન કરવુ જ રહ્યુ. વળી અમે માનીએ છીએ કે ગ્રામ વિકાસના કાર્યમાં જોડાયેલા કાર્યકરોને કૌટુંબિક જીવનની ઉચિત સગવડો મળી રહેવી જોઈએ.

અમારો પહેલો પ્રશ્ન હતો બાળકોના શિક્ષણની ચિંતા. કાર્યકર પોતાનું જીવન સમર્પિત કરે છે. પરતું તેના સંતાનોને તો સારું ઉચ્ચ શિક્ષણ મળી રહેવું જોઈએ એવું અમે માનીએ છીએ. ઝઘડિયામાં સારુ શિક્ષણ આપતી શાળાઓ મળે નહિ. શરૂઆતના પાંચ વર્ષ તો અમારા બે કુટુંબના બાળકોએ ઉપલબ્ધ સરકારી બસ, રીક્ષા, ટ્રક વિગેરે અગવડોથી ચલાવ્યુ. પરંતુ સંસ્થામાં કાર્યકરોની સંખ્યામાં વધારો થતા અમારી આ ચિંતાને ઓછી કરવા ૧૯૮૫ થી સ્કુલ બસની સુવિધા અમે શરૂ કરી અને બાળકોના 'અભ્યાસ'માં વિવિધ પ્રકારે ટેકો કરી શકાય એવી સગવડો ઉભી કરી. દર વર્ષે અમારા ૧૦–૧૫ જેટલા બાળકો ઝઘડિયાથી ૨૦ કીમી દુર આવેલા અંકલેશ્વરમાં સારું શિક્ષણ આપતી સંસ્કારદિપ શાળામાં અભ્યાસ માટે જાય છે. તો વળી અંકલેશ્વર ન જતાં બાળકો ઝઘડિયા ગામની જ સરકારી / ખાનગી શાળાઓમાં ભણે છે. તેમને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. તેમજ ખાનગી ટયુશનનો લાભ લેવા ઈચ્છે તેમને માટે પણ અભ્યાસકીય ધોરણ પ્રમાણે શૈક્ષણિક સહાય મળે છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે અભ્યાસને ધ્યાનમાં રાખી નકકી કર્યા પ્રમાણે વ્યાજ મુકત લોન પણ આપવામાં આવે છે. અમારામાંથી જે માતા પિતાને ધો. ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા બાળકોને ભરૂચ કે અંકલેશ્વર રહીને અભ્યાસ કરાવવો હોય તો તેઓને પણ નકકી કર્યા મુજબ મકાનનું ભાડું અને કાર્યકરને અપ ડાઉન કરવાની છુટ આપવામાં આવે છે.

આમ કાર્યકરોના બાળકોના સારા અભ્યાસની નિસ્બત શરૂઆતના વર્ષોથી રહી. પરિણામે આ શૈક્ષણિક સહાયથી આજે અમારા કાર્યકરોના ઘણાં બાળકો ડોકટર, એન્જિનીયર, ફાર્મસી કે પેરામેડીકલની ડીગ્રી ધરાવે છે. અને મોટાભાગનાં બાળકો સ્નાતક અને અનુસ્નાતકની ડીગ્રી મેળવી ચૂકયાં છે. જેનો અમને ગર્વ અને સંતોષ છે.....

# સેવા રૂરલ જનરલ સમાચાર

## સેવા રૂરલમાં વિશિષ્ટ પ્રદાન કરનારા

હોસ્પિટલનાં વિસ્તૃતિકરણનાં ભાગરૂપે ત્રીજું નવું બિલ્ડીંગ બની રહયું છે તેમાં દર્દીઓનાં જનરલ વોર્ડ માટે ડો.ચંદ્રકાંતભાઈ અને સરલાબેન વોરાનાં પરિવાર દ્વારા મોટી રકમનું ડોનેશન આપવામાં આવ્યુ છે. આ વોર્ડનું ઉદ્‌ઘાટન તા.૧ જાન્યુઆરી, ૨૦૨૬ નાં રોજ રાખવામાં આવ્યુ હતું. જેમાં વોરા પરિવારનાં વડીલો અને અન્ય સભ્યો ખાસ અમેરિકા અને ઓસ્ટેલિયાથી આવ્યા હતા. આ વોર્ડનાં ઉદ્‌ઘાટન પ્રસંગે ડો.શ્રેયભાઈ દેસાઈ અને ડો.ચંદ્રકાંતભાઈ વોરાએ પ્રાંસગિક ઉદ્‌બોધન કર્યા હતાં.

આપણે સૌ જાણીએ છે તે ડો.ચંદ્રકાંતભાઈ વોરા (MD. ફિઝિશિયન), સેવા રૂરલની શરૂઆતથી ૧૯૮૦થી સતત પાંચ વર્ષ સુધી માનદ્ વિઝિટીંગ કન્સલટન્ટ તરીકે સેવાઓ આપી હતી. છેલ્લા ૧૫ વર્ષોથી સુરતની ધિકતી પ્રેકટીસ છોડીને ઝઘડિયામાં સ્થાયી થયા છે. સાથે સાથે સરલાબેન વોરા પણ આંખ વિભાગમાં જવાબદારી સંભાળી રહયાં છે.

ડો. ચંદ્રકાંતભાઈ વોરા અને સરલાબેન સેવા રૂરલના સ્થાપના કાળ(૧૯૮૦)પહેલાનાં નિકટનાં સ્નેહીજન છે. સ્વ. ડો.અનિલભાઈ દેસાઈ અને ડો.લતાબેન દેસાઈ સાથે મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા હતા અને ભારતીય લશ્કરમાં પણ સાથે કામ કરેલુ.

સેવા રૂરલની સ્થાપના ઝઘડિયા ગામમાં કરવામાં આવી ત્યારે સ્વ. પ્રિયવદનભાઈ શાહ (માનદ્ મંત્રી–કસ્તુરબા મેડિકલ સોસાયટી)નું યોગદાન ઘણું વિશિષ્ટ રહયું હતું. સેવા રૂરલની સ્થાપના પછી પણ સેવા રૂરલમાં આવતા સ્થાનિક પ્રશ્નોમાં સ્વ.પ્રિયવદનભાઈની સતત હુંફ અને સહકાર મળતો રહયો હતો. એમની હયાતીમાં તેમની ઈચ્છા સેવા રૂરલ દ્વારા ફિઝિયોથેરાપી યુનિટ શરૂ કરવાની હતી. વિવિધ કારણોસર અમે ફિઝિયોથેરાપી યુનિટ શરૂ કરી શકયા નહોતા. હમણાં ૧૮/૦૬/૨૦૨૫ના રોજ ફિઝિયોથેરાપી યુનિટ શરૂ કરવામાં આવ્યું. આ યુનિટ બહાર, સ્વ. પ્રિયવદનભાઈ શાહના વિશિષ્ટ પ્રદાનને “શ્રધ્ધાંજલિ” તરીકે એક તકતી મુકવામાં આવી છે. આ તકતીનું અનાવરણ સ્વ. પ્રિયવદનભાઈ શાહના પરિવારજનોની ઉપસ્થિતિમાં તા.૫/૩/૨૬ના રોજ કરવામાં આવ્યું. આ પ્રસંગે સ્વ. પ્રિયવદનભાઈ શાહના સ્વાતંત્ર સંગ્રામના અને સમાજ સેવાની તેમની પ્રવૃતિઓ અને ગુણોનું સ્મરણ કરવામાં આવ્યું હતું.

- ડિસેમ્બર ૨૦૨૫માં સેવા રૂરલના ૪૫માં વાર્ષિકોત્સવ પ્રસંગને ધ્યાનમાં રાખી સેવા રૂરલના તમામ કાર્યકરોના પગારમાં ગણનાપાત્ર વધારો કરવામાં આવ્યો. સામાન્ય રીતે પગારમાં વધારો, વિગેરે દર

વર્ષે એપ્રિલ મહિનામાં કરવામાં આવે છે. આ વખતે ડિસેમ્બર મહિનાથી પગારમાં વધારો કરવામાં આવ્યો. આ પગારમાં થયેલ વધારાનો લાભ કાર્યકર રિટાયર્ડ થાય ત્યારે પેન્શનના સ્વરૂપમાં તેને મળે તેવા હેતુથી કાર્યકરોની સંમતિથી લગભગ ૨૦૦ જેટલા કાર્યકરોએ સીસ્ટેમેટીક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા દર મહિને બચત કરવાનું નકકી કર્યું છે.

- તા.૨૬મી જાન્યુઆરી, ૭૭ મો પ્રજાસત્તાક દિવસ કેમ્પસમાં ધ્વજવંદન કરીને ઉજવવામાં આવ્યો.
- અમેરિકાનાં શ્રી ભૂપેન્દ્રભાઈ મહેતા તા.૨૮,૨૯ જાન્યુઆરી નાં રોજ સેવા રૂરલની પ્રવૃતિઓ જોવા માટે આવી ગયા.
- સેવા રૂરલ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોડાયેલી વિવિધ સંસ્થાઓ અને કર્મશીલોનું, **''જનરલ સપોર્ટ ફોરમ''** નામનાં બિન ઔપચારિક મંડળનું તા.૩૧મી જાન્યુઆરી અને ૧લી ફેબ્રુઆરીનાં રોજ ગામ સાકવા, તાલુકો નાંદોદ, જીલ્લો નર્મદામાં સ્નેહ મિલન યોજાઈ ગયુ. ગામ સાકવા એ, સ્વર્ગસ્થ જવાહરભાઈ પંડયાની કર્મભૂમી છે. તેમાં આ સ્નેહ મિલનમાં ઉપસ્થિત સૌ મિત્રોએ જવાહરભાઈ સાથેનાં સંસ્મરણો વાગોળ્યા.
- કેન્દ્ર સરકાર દ્વારા ૪ નવાં લેબરકોડનો અમલ તા. ૨૧/૧૧/૨૦૨૫થી શરૂ થયો છે. આ ૪ નવા લેબર કોડ વિશે વિસ્તૃત સમજણ અને માહિતી આપતા વર્કશોપનું આયોજન તા.૨૨–૨–૨૬ ને રવિવારના રોજ વિનોબા આશ્રમ વડોદરામાં કરવામાં આવ્યું. જેમાં આ ૪ નવા લેબરકોડના નિષ્ણાંત શ્રી સંજયભાઈ સુથારે વિસ્તૃત સમજણ આપી. આ વર્કશોપમાં ગુજરાતની જુદી જુદી સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિ હાજર રહયા હતા.
- સેવા રૂરલમાં વર્ષમાં બે વાર આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વખતે આ શિબિર તા.૨૭ અને ૨૮ ફેબ્રુઆરી અને ૧લી માર્ચના રોજ ૩ દિવસ યોજાઈ ગઈ. જેમાં રામકૃષ્ણ મિશન, ભુજના પૂજય સ્વામી સુખાનંદજીએ, 'રામચરિત માનસ' પર અને પૂજય સ્વામી તેજોમયાનંદજી (રામકૃષ્ણ આશ્રમ અમદાવાદ) 'કર્મયોગ' વિષય ઉપર શિબિરમાં સત્સંગ કરાવ્યો.
- સેવા રૂરલના મિશન ૨૦૩૦ અંગે વિવિધ વિભાગીય વડાઓ સાથે ચર્ચા વિચારણા શરૂ કરીને માઈક્રો પ્લાનીંગ કરવામાં આવી રહયું છે.
- તા.૪/૧/૨૬ ના રોજ ''સહયાત્રીઓ'' દ્વારા અમદાવાદમાં ગુજરાતની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના ૭૦ વર્ષથી ઉપરના કાર્યકરોનું સન્માન અને કૃતજ્ઞતા વ્યકત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૨૦ જેટલા આજીવન ગ્રામ વિકાસની પ્રવૃતિઓમાં સમર્પિત કાર્યકરોનો સમાવેશ કરવામાં આવ્યો. સેવા રૂરલમાંથી શ્રી બંકિમભાઈ શેઠનું પણ સન્માન કરવામાં આવ્યું. બિન ઔપચારિક સંગઠન ''સહયાત્રીઓ'' દ્વારા આ અગાઉ પણ ૨૦ જેટલા કાર્યકરો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવામાં આવી હતી.
- ઝગડિયાથી લગભગ ૭૦ કિ.મી. દુર ડેડીયાપાડા નજીક સેવા રૂરલે ૧૫ એકર જમીન ૨૦૧૭માં ખરીદી હતી. આ જમીન ખરીદવા પાછળનો મુખ્ય હેતુ, વધુ

ઉંડાણવાળા આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારના લોકોને આરોગ્યની સુવિધા નજીકમાં ઉપલબ્ધ બને પરંતુ વિવિધ કારણોને લઈને આ જમીન ઉપર અત્યાર સુધીમાં વૃક્ષારોપણ સિવાય અન્ય કોઈ વિશેષ કામગીરી હાથ ધરી શકાઈ નથી. હવે આરોગ્યની સુવિધા આપતા એક સેટેલાઈટ સેન્ટરનું પ્લાનીંગ શરૂ કરવામાં આવનાર છે.

- તા.૧૮/૨/૨૬ના રોજ શ્રી રામકૃષ્ણદેવની જન્મજયંતિની ઉજવણી કેમ્પસમાં આવેલા મંદિરમાં સવારે ૮ થી ૯ દરમ્યાન કરવામાં આવી. આ જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે છેલ્લા સાત દિવસ શ્રી રામકૃષ્ણ કથામૃતનું વાંચન સંસ્થાના કાર્યકરો દ્વારા સવારે ૯ થી ૬ કરવામાં આવ્યું.
- ભરૂચ જિલ્લાના સ્વાતંત્ર સેનાની સ્વ. શ્રી ઠાકોરભાઈ શાહના વીલમાં જણાવ્યા પ્રમાણે તેમની સંપતિનો ઉપયોગ સામાજિક પ્રવૃતિઓ પાછળ કામ કરતી વિવિધ સંસ્થાઓને દાન તરીકે આપવાનો ઉલ્લેખ હતો. તે પૈકી સેવા રૂરલને પણ તેમની સંપતિમાંથી આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે. આ સહાય નવી બની રહેલ હોસ્પિટલના સ્પેશ્યલ રૂમ પાછળ ખર્ચ કરવામાં આવનાર છે અને સ્વ. ઠાકોરભાઈ શાહની સ્મૃતિમાં તકતી પણ મુકવામાં આવનાર છે. સ્વ. ઠાકોરભાઈ શાહના દીકરા સમીરભાઈની દીકરી પંક્તિબેન અને તેમના પતિ કૌશલભાઈ મોદી તા.૧૪મી માર્ચના રોજ સેવા રૂરલની મુલાકાતે આવી ગયાં.

## હોસ્પિટલ વિભાગ

- ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ હોસ્પિટલ NRK (નેત્રરક્ષા કેન્દ્ર) બિલ્ડીંગમાં CSSD વિભાગ (સેન્ટ્રલ સ્ટરાઈલ સપ્લાય ડિપાર્ટમેન્ટ)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વિશ્વ યુવા દિન નિમિત્તે સુરત રકતદાન કેન્દ્ર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાઈ ગયો. જેમાં ભૂતપુર્વ વિદ્યાર્થીઓ, સ્ટાફ તથા નવા વિદ્યાર્થીઓ દ્વારા ૩૫ બોટલ રકતદાન થયું.
- ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ થી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર ધરમપુર દ્વારા Fifth Annual state level collaborative symposium dedicated to decreasing maternal and Infant mortality સેમીનારમાં સેવા રૂરલમાંથી ડો. ગાયત્રીબેન રીસોર્સ પર્સન તરીકે અને ડો. હિરેનભાઈ, જયોત્સનાબેન, સુનિતાબેન તથા રેણુકાબેન સભ્ય તરીકે જોડાયા હતા.
- સેવા રૂરલમાં હોસ્પિટલના ગરીબ દર્દીઓને ઈન્ડોર અને ઓપીડી વિભાગમાં સાડી ૧૯૦ નંગ તથા ધાબળા ૫૫૫ નંગ વહેંચવામાં આવ્યા.
- સેવા રૂરલના ચોથા વર્ગના કર્મચારીઓનો જાન્યુઆરી ૨૦૨૬ થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન ત્રણ ટ્રીપમાં ગામઃ અશા, નિર્લોભી આશ્રમ તથા માલસરનો એક દિવસનો નાનો પ્રવાસ થઈ ગયો. જેમાં પહેલી ટ્રીપમાં બધા ભાઈ–બહેનો સાથે ડો. શ્રેયભાઈ જોડાયા હતા અને ત્રણેય ટ્રીપ થઈને કુલ ૯૧ સભ્યો

તેમાં જોડાયા હતા. સાથે સેવા રૂરલના અશા સેન્ટરની મુલાકાત પણ લીધી હતી ત્યાં બધાએ ખૂબ આનંદ કર્યો.

- ૭ ફેબ્રુઆરી થી ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ બે દિવસ માટે ICRW (ઈન્ટરનેશનલ સેન્ટર ફોર રીસર્ચ ઓન વુમન) આ સંસ્થા દ્વારા BHS બેઝીક હેલ્થ સેન્ટરના તાલીમના ભાગરૂપે ''સ્વાસ્થ્ય કા સફરમાં નર્સ નેતૃત્વ'' કાર્યક્રમ ઉદેપુર, VRI કોલેજમાં આયોજીત તાલીમમાં ડો. ભવ્યતિબેન, ઉજમબેન, સુનિતાબેન, જયોત્સનાબેન જોડાયા. જેમાં ૯ માસની ઓનલાઈન તાલીમ માટે શરૂઆતમાં ઉદેપુર જઈ આવ્યા. આ તાલીમમાં દર્દી તથા તેના સગાં મેઈલ અને ફિમેલ ડોકટર્સને કઈ દ્રષ્ટિથી જુએ છે? કોમ્યુનિકેશન ગેપ, પુરૂષ પ્રધાન વિષય પર ઓનલાઈન તાલીમ શરૂ કરવામાં આવી છે. જેમાં ઘણું શીખવાનું મળી રહયું છે. આ તાલીમમાં કુલ ૭ રાજયમાંથી ૩૦ સભ્યોએ ભાગ લીધો હતો.

- હોસ્પિટલમાંથી ડો. કૌશલભાઈ, બળવંતભાઈ, પ્રિતીબેન, સમીમબેન તથા રીનાબેને ૧૫ માર્ચ ૨૬ ના રોજ ઈન્ડિયન હોસ્પિટલ એસોસિએશન વડોદરા દ્વારા આયોજિત " Managing CSSD & OT Optimally " સેમિનારમાં ભાગ લીધો. આ સેમિનારમાં સેન્ટ્રલ સ્ટરાઈલ સપ્લાય ડીપાર્ટમેન્ટ (CSSD) અને ઓપરેશન થિયેટર (OT)ની કાર્યક્ષમતા અને ગુણવત્તા સુધારવા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન મળ્યું. આવી શૈક્ષણિક તકોથી દર્દીઓને વધુ સારી સેવા આપવા માટેની અમારી પ્રતિબધ્ધતા વધુ મજબૂત બની છે.

- તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી ત્રણ મહિના માટે એડવાન્સ પ્રેકટીકલ તાલીમ નર્સીંગ (APTN) તાલીમ શરૂ થઈ. જેમાં ૪ સ્ટુડન્ટ તાલીમ લઈ રહયા છે.

- સનફાર્મા કંપનીમાંથી આલ્કોન ફેકો મશીન દાનમાં મળ્યું છે. તા.૨૩, માર્ચ ૨૬ના રોજ કંપનીમાંથી આવેલા મહેમાનો તથા સેવા રૂરલના કાર્યકરોની હાજરીમાં એનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાઈ ગયો.

- સેવા રૂરલ માટે ખૂબ ગર્વની વાત છે કે આંખ વિભાગમાં બે બેઠક, DNBની મંજુર થયેલ છે. આમાં MBBS થયા પછી આંખના સર્જન તરીકેનો બે વર્ષનો અભ્યાસ કરવા માટેની સરકાર તરફથી મંજુરી મળેલ છે.

- **ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર આંકડાકીય વિગત**

| અં. નં. | માસ | ઓપીડી દર્દી | રીફર |
|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી – ૨૬ | ૧૩૪૫ | ૩૨ |
| ૨ | ફેબ્રુઆરી – ૨૬ | ૧૧૫૮ | ૨૦ |
| ૩ | માર્ચ – ૨૬ | ૧૩૬૬ | ૩૧ |
| કુલ | | ૩૮૬૯ | ૮૩ |

અસરકારક રેફરલ થકી હાર્ટ એટેકથી પીડાતા એક આદિવાસી દર્દીને અતિ આધુનિક સારવાર આપી શકયા.

મંગાભાઈ મગનભાઈ વસાવા (નામ બદલ્યું છે.) ડેડીયાપાડાના સિંગલવાણ ગામના રહેવાસી છે. તેઓ ૫૫ વર્ષના આદિવાસી પુરૂષ છે. ૨૮મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૧૦ વાગ્યે મંગાભાઈ અચાનક છાતીમાં દુઃખાવો અને ઉલટીની તકલીફ સાથે સેવા રૂરલ હોસ્પિટલમાં આવ્યા.

તેઓને સવારે ૪:૦૦ વાગ્યાથી છાતીમાં દુઃખાવો શરૂ થયો હતો. હોસ્પિટલમાં તુરંત લીધેલ કાર્ડિયોગ્રામમાં ધ્યાનમાં આવ્યું કે મંગાભાઈને તો જોખમી હાર્ટ અટેક એટલે કે હૃદયનો હુમલો આવ્યો છે. તુરંત હૃદયના હુમલાની દવાઓ અને ઈન્જેકશન મંગાભાઈને આપવામાં આવ્યા. આવા કિસ્સામાં એન્જીયોપ્લાસ્ટી એટલે કે હૃદયમાં બલુનની સારવાર, એ સારામાં સારો વિકલ્પ છે કે જેનાથી જાન અને હૃદયને ઈજા બચાવી શકાય. સેવા રૂરલમાં એન્જીયોપ્લાસ્ટીની સુવિધા નથી; પરંતુ, ભરૂચ અને અંકલેશ્વરમાં કાર્ડિયોલોજીસ્ટ (હૃદયના નિષ્ણાંત ડોકટર) સાથે લીકેજ ઘણાં વર્ષોથી છે કે જેથી આપણા દર્દીઓ અતિ આધુનિક સેવા વંચિત ના રહે.

સદ્નસીબે, મંગાભાઈ પાસે આયુષ્યમાન કાર્ડ હતું. આયુષ્યમાન કાર્ડની વ્યવસ્થિત ચકાસણી સેવા રૂરલમાં કરવામાં આવી કે જેથી એન્જીયોપ્લાસ્ટી માટે દર્દીને બિલકુલ ખર્ચો ન થાય. સાથે સાથે સેવા રૂરલના ડોકટરે ભરૂચમાં કાર્ડિયોલોજીસ્ટ સાથે ફોન ઉપર કેસની ચર્ચા કરી અને કાર્ડિયોલોજીસ્ટની ઉપલબ્ધતા પણ ચકાસી લીધી. મંગાભાઈના પત્ની ભરૂચ જવા માટે નિર્ણય નહીં લઈ શકતા હોવાના લીધે, સેવા રૂરલના ડોકટરે મંગાભાઈના સગા જોડે ફોન પર વાત કરી અને એન્જીયોપ્લાસ્ટી માટે ભરૂચ જવા માટે મંજૂરી મેળવી. એમ્બ્યુલન્સમાં મંગાભાઈને ભરૂચ કાર્ડિયોલોજીસ્ટ પાસે મોકલવામાં આવ્યા અને ડ્રાઈવરને જરૂરી સૂચના પુરી પાડી કે જેથી ભરૂચ હોસ્પિટલ પહોંચ્યા પછી દર્દીને તકલીફ ન પડે. આ બધું માત્ર ૩૦ મિનિટમાં જ કરવામાં આવ્યું.

સદ્નસીબે, કાર્ડિયોલોજીસ્ટ દ્વારા દર્દી પહોચ્યાના અડધો કલાકમાં જ તરત એન્જીયોપ્લાસ્ટી કરવામાં આવી. મંગાભાઈનો છાતીનો દુઃખાવો જતો રહયો. હૃદયની એક ધમની સો ટકા બ્લોક હતી જે સ્ટેન્ટ દ્વારા ખોલવામાં આવી. સફળતાપૂર્વક એન્જીયોપ્લાસ્ટી થવાથી હૃદયની ઈજા અટકાવી શકયા અને જીવ બચી ગયો. મંગાભાઈને આઈસીયુમાં ૪૮ કલાક રાખ્યા બાદ યોગ્ય સમયે રજા આપવામાં આવી. રજા વખતે મંગાભાઈ સંપૂર્ણ સ્વસ્થ થઈને પોતાના ઘરે ડેડીયાપાડા પાછા ગયા.

આ કેસ સ્ટડી જણાવે છે કે હાર્ટ અટેક જેવા ગંભીર કિસ્સામાં પણ સેવા રૂરલ મજબૂત રેફરલ કડી બનાવીને અતિ ગરીબ દર્દીને, આધુનિક સેવા આપવામાં એક અગત્યની સેતુ રૂપ ભૂમિકા ભજવી રહયુ છે કે જેનો અમને ખૂબ ગર્વ છે.



**શકિત જ જીવન છે,**
**નિર્બળતા એ મૃત્યુ છે.**
**શકિત આનંદરૂપ છે,**
**શાશ્વત અને અમર છે.**
**નિર્બળતા સતત બોજો**
**અને દુઃખ છે, મૃત્યુ છે.**

**સ્વામી વિવેકાનંદ**

# કસ્તુરબા હોસ્પિટલ : આંકડાકીય માહિતી

| વિગત | વર્ષ ૨૦૨૫–૨૬ | વર્ષ ૨૦૨૪–૨૫ |
|---|---|---|
| કુલ ઓપીડી કેમ્પ સાથે | ૧,૮૫,૩૮૮ | ૧,૬૨,૫૯૫ |
| હોસ્પિટલ ઓ.પી.ડી | ૧,૫૮,૩૫૫ | ૧,૩૭,૯૮૪ |
| સેટેલાઈટ સેન્ટર ડેડીયાપાડા ઓપીડી | ૧૬,૨૮૮ | ૧૪,૬૦૪ |
| આંખ કેમ્પ ઓપીડી | ૧૦,૭૪૫ | ૧૦,૦૦૭ |
| કુલ દાખલ દર્દી | ૨૧૦૮૫ | ૨૦૨૧૯ |
| આંખના ઓપરેશન | ૩૯૭૬ | ૩૫૬૧ |
| ગાયનેક ઓપરેશન | ૨૬૧૭ | ૨૭૦૮ |
| જનરલ ઓપરેશન | ૯૯૩ | ૭૬૪ |
| કુલ ડીલીવરી | ૫૪૯૩ | ૫૨૭૦ |
| કાચની પેટીમાં દાખલ બાળકો (NICU) | ૧૦૭૫ | ૧૪૮૨ |
| મરણ પ્રમાણ | ૨.૪૨% | ૦.૭% |
| દૈનિક પથારી વપરાશ | ૨૩૧ | ૨૩૩ |
| લેબોરેટરી ટેસ્ટ | ૨,૩૭,૨૬૩ | ૨૧૧૧૬૪ |
| એક્ષ રે | ૨૮૯૬ | ૧૬૭૨ |
| સોનોગ્રાફી (બહેનો) | ૨૩૭૬૬ | ૧૯૨૭૫ |
| સરકારી યોજના ની સહાય દર્દી (PMJAY) | ૫૮૬૭ | ૫૬૧૬ |
| ઓપીડીમાં તદ્દન મફત સારવાર | ૫૭.૬૮% | ૫૭.૩% |
| દાખલ દર્દીમાં તદ્દન મફત સારવાર | ૬૮.૨૯% | ૭૦% |

# આંખ વિભાગ

## આંખ નિદાન કેમ્પ દાતાઓની વિગત

| ક્રમ | તારીખ | ગામ | તાલુકો | વ્યકિતગત / સહયોગી સંસ્થા |
|---|---|---|---|---|
| ૧. | ૪/૧/૨૦૨૬ | અશા | ઝઘડિયા | સેન્ચ્યુરી એન્કા લિમીટેડ (યુનિટઃ રાજશ્રી પોલીફિલ) ઉમલ્લાના સૌજન્યથી |
| ૨. | ૧૧/૧/૨૦૨૬ | અંકલેશ્વર | અંકલેશ્વર | લાયન્સ કલબ ઓફ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એરીયા, લાયન્સ કલબ ઓફ અંકલેશ્વર વુમનના સૌજન્યથી |
| ૩. | ૧૮/૧/૨૦૨૬ | કેશવાણ | વાગરા | સામાજિક ઉત્તરદાયિત્વ અંતર્ગત (CSR) હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ (યુનિટઃ બિરલા કોપર / DHIL દહેજ |
| ૪. | ૨૫/૧/૨૦૨૬ | સરસાડ | ઝઘડિયા | દોશી ચંચળબેન શંકરલાલ અને શંકરલાલ રણછોડદાસ ટ્રસ્ટ – ઉમલ્લા સ્વ. સુધાબેન અને સ્વ. અંબાલાલ દોશીના સ્મરણાર્થે |
| ૫. | ૧/૨/૨૦૨૬ | વાલીયા | વાલીયા | સ્વ. મુળજીભાઈના સ્મરણાર્થે સ્પોન્સર સાયણીઆ પરિવાર |
| ૬ | ૮/૨/૨૦૨૬ | બોરીયા | ગરૂડેશ્વર | કરશનભાઈ સીતારામભાઈ ભકત સામપુરાના સૌજન્યથી |
| ૭ | ૧૫/૨/૨૦૨૬ | ભાલોદ | ઝઘડિયા | શ્રી વિરેન્દ્રભાઈ માણેકલાલ વ્યાસ ભાલોદ (હાલ–વડોદરા)ના સૌજન્યથી ગં.સ્વ. શાતાબા લલ્લુસિંહ મકવાણા રૂંઢના સૌજન્યથી |
| ૮ | ૨૨/૨/૨૦૨૬ | ઉમલ્લા | ઝઘડિયા | સેન્ચ્યુરી એન્કા લિમીટેડ (યુનિટઃ રાજશ્રી પોલીફિલ) ઉમલ્લાના સૌજન્યથી |
| ૯ | ૧/૩/૨૦૨૬ | તરોપા | નાંદોદ | સ્વ. કંચનભાઈ જી દેસાઈ તથા સ્વ. ભીખુભાઈ દાદાભાઈ દેસાઈના સ્મરણાર્થે |
| ૧૦ | ૮/૩/૨૦૨૬ | વહલુ | ભરૂચ | આદિત્ય બિરલા કોમ્યુનીટી ઈનીસએટીવ અને ગ્રામીણ વિકાસ કેન્દ્ર ગ્રાસિમ લી. વિલાયત |
| ૧૧ | ૧૫/૩/૨૦૨૬ | છટવાડા | નાંદોદ | શુભાંગી અને ગૌરવના લગ્ન નિમિત્તે હસ્તે. વિમલ આશા જાલાન અમદાવાદ |
| ૧૨ | ૨૨/૩/૨૦૨૬ | ખામર | નાંદોદ | સ્વ. શશીબેન ચીમનલાલ જાની પૂણ્ય સ્મૃતિમાં<br>સ્વ. મિરયમબેન ચોપડેની પૂણ્ય સ્મૃતિમાં |
| ૧૩ | ૨૯/૩/૨૦૨૬ | પ્રતાપનગર | નાંદોદ | જ્ઞાનયોગ દર્શન આશ્રમ શિયાલીની પ્રેરણાથી સ્વ. માધવલાલ ગોરધનદાસ શેઠના સ્મરણાર્થે તેમના સુપુત્ર શ્રી સ્નેહલભાઈ માધવલાલ શેઠ (સિધ્ધપુર) જી. પાટણ તરફથી |

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ (CHP)

- આયુષ્યમાન આરોગ્ય મંદિરની સેવાઓના સુદ્રઢીકરણ માટે ઈન્ડીયન કાઉન્સિલ ઓફ મેડીકલ રીસર્ચ (ICMR) કન્વર્ટેક અભ્યાસ માટેના મુખ્ય સંશોધકોની વાર્ષિક મિટિંગ તા. ૫ અને ૬ જાન્યુઆરીના રોજ સેલ્વાસ ખાતે થઈ. જેમાં સેવા રૂરલ યજમાન બનેલ. અભ્યાસ વિશેનાં વિવિધ પાસાઓની વિસ્તૃત ચર્ચા સંશોધકો અને ICMR ના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી હતી. ભારતમાંથી આ રિસર્ચ સાથે જોડાયેલ તમામ સિનિયર અધિકારી તથા ICMR માંથી પણ પ્રોજેકટ સંચાલન કરતા વૈજ્ઞાનિકો સહિત કુલ ૧૧ લોકોએ ભાગ લીધો હતો.
- આયુષ્યમાન આરોગ્ય મંદિરની સેવાઓના સુદ્રઢીકરણ માટે કોમ્યુનીટી હેલ્થ ઓફીસરોની તાલીમ સેલવાસ ખાતે જાન્યુઆરી ૫ થી ૯ વચ્ચે યોજાઈ કે જેનું આયોજન સેવા રૂરલ અને આરોગ્ય વિભાગે કર્યુ હતું. ICMR દ્વારા બનેલા વર્કફ્લોની તાલીમ તેઓના વૈજ્ઞાનિકોએ ૨૫ જેટલા કોમ્યુનીટી હેલ્થ ઓફીસર (CHO)ને આપી હતી.
- ભારતની આરોગ્ય સેવાઓ માટે આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ (AI)ની વ્યુહ રચના બનાવવા માટે વર્કશોપમાં સેવા રૂરલ તરફથી ડો. શ્રેયભાઈ દેસાઈએ ૭મી જાન્યુઆરીએ IIT – મુંબઈ ખાતે ભાગ લીધો હતો. ગ્રામીણ આદિવાસીમાં આરોગ્ય સુધારા માટે આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ અને તેના સંશોધન માટેના સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા.
- તા. ૨૦/૦૧/૨૬ ના રોજ સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન અને યુનિસેફના સંયુકત ઉપક્રમે બિલ્ડીગ ઈન્કલુઝીવ અર્બન ફયુચર્સ પ્રોજેકટ અંતગર્ત – સેવા રૂરલના ડો. કપીલભાઈ દવે અને શ્રી બકુલભાઈ દ્વારા RBSK (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ)ના મેડીકલ ઓફીસરો માટે સીકલસેલ ડીસીઝના સ્ક્રીનીંગ, મેનેજમેન્ટ અને ફોલોઅપ અંગે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં બાળકોમાં સીકલસેલ ડીસીઝ વહેલું નિદાન, સારવાર અને શહેરી / સ્થળાંતરીત વસ્તીમાં સ્ક્રીનીગની પધ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી.
- સેવા રૂરલ માટે કર્મચારીઓનો સ્વવિકાસ કરવો એક મહત્વપૂર્ણ મિશન છે. આ હેતુને સાકાર કરવા માટે કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટમાં કાર્ય કરતા કાર્યકરો માટે એક શૈક્ષણિક પ્રવાસનું આયોજન ૨૨ અને ૨૩ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું. બે દિવસનો આ શૈક્ષણિક પ્રવાસ જશોદા નરોત્તમ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, ધરમપુર ખાતે યોજાયો. જેમાં કુલ ૪૫ જેટલા સ્ટાફ કાર્યકરો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ટ્રસ્ટ દ્વારા ગરીબ અને આદિવાસી સમુદાયના સર્વાંગી ઉત્થાન માટે કરવામાં આવતાં કાર્યો – માટી અને પાણી સંરક્ષણ, ટકાઉ ખેતી તથા આશ્રમ શાળામાં આદિવાસી બાળકો માટે – શિક્ષણ જેવી પ્રવૃતિ જોઈ સૌ સ્ટાફ ખૂબ પ્રભાવિત થયો. તેમજ આરોગ્ય ક્ષેત્રે વિવિધ પ્રવૃતિઓની પણ જાણકારી મેળવી. જેમકે માતા અને બાળ આરોગ્ય, કિશોર–કિશોરી પ્રોજેકટ, બીનચેપી રોગો માટેનો કાર્યક્રમ –

આ શૈક્ષણિક પ્રવાસ ઘણા યુવા કાર્યકરો માટે એક અનોખો અને પ્રેરણાદાયક રહયો.

- તા. ૧ લી ફેબ્રુઆરીના રોજ BHS (Basic Health Science) ઉદયપુરના ૧૪ જેટલા હેલ્થ વર્કરોએ સેવા રૂરલ સંસ્થાની મુલાકાત લઈ ફિલ્ડ પ્રવૃતિઓ અને સમુદાય આધારિત કાર્યની સમજણ મેળવી. જેમાં સમુદાયની સક્રીય ભાગીદારી અને આપણી કાર્ય પ્રક્રિયાઓને જોઈ તેમણે કામગીરીની સરાહના કરી.
- તા. ૩ ફેબ્રુઆરીના રોજ સર્ચ સંસ્થા (ગઢ ચિરોલી – મહારાષ્ટ્ર)થી આવેલ સિનિયર કાર્યકરોએ સેવા રૂરલ સંસ્થાની મુલાકાત લીધી. તેઓ કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટની ફિલ્ડ કામગીરી જોઈ ખૂબ પ્રભાવિત થયા.
- તા. ૨૪મી જાન્યુઆરીના રોજ કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ અંતર્ગત ડેડીયાપાડા ખાતે ચાલતા સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળ કાર્યક્રમમાં કાર્ય કરતા ૩૪ જેટલા ગ્રામ્ય કાર્યકરોને પેલીએટીવ કેર અને ફિઝિયોથેરાપી વિષય પર ડો.કામીનીબેન દ્વારા તાલીમ આપવામાં આવી.
- યુનિસેફ તથા આરોગ્ય વિભાગ, નર્મદા જિલ્લાના સહયોગથી પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. જેનો ઉદ્દેશ NICU નીયોનેટલ ઈન્ટેન્સીવ કેર યુનીટ (નવજાત શિશુ માટેની ખાસ ઘનિષ્ટ સારવાર કક્ષ)માંથી રજા અપાયેલ, અધુરા માસે જન્મેલા અને ઓછા વજનવાળા બાળકોના સમુદાય સ્તરે ફોલોઅપને વધુ મજબૂત બનાવવાનો અને શિશુ મૃત્યુદર તથા બીમારી ઘટાડવાનો હતો. આ તાલીમ જાન્યુઆરી મહિનાની ૫,૬,૮,૧૨ અને ૧૭ તારીખે યોજાઈ ગઈ. જેમાં નર્મદા જિલ્લાના અધિકારીઓ, CHO, તાલુકા આરોગ્ય અધિકારીઓ અને સુપરવાઈઝરો સક્રિય રીતે જોડાયા હતા. ઉપરાંત કુલ ૨૦૦થી વધુ આરોગ્ય વિભાગના સરકારી કર્મચારીઓ જોડાયા હતા. સેવા રૂરલ તરફથી ડો. ધીરેનભાઈ મોદી અને ડો. નેન્સીબેને તાલીમ આપી હતી.
- યુનિસેફ તથા આરોગ્ય વિભાગ, દાહોદ જિલ્લામાં સેવા રૂરલ દ્વારા ચાલતા SNCU સ્પેશ્યલ ન્યુબોર્ન કેર યુનીટ (વિશેષ નવજાત શિશુ સંભાળ કક્ષ) ફોલોઅપ પ્રોજેકટની સમજ તથા સરકારી માળખામાં કઈ રીતે વધારે અસરકારક રીતે ફોલોઅપ કરી શકાય તેની તાલીમ ૧૬,૧૭ તથા ૨૫,૨૬ ફેબ્રુઆરીના રોજ યોજાઈ ગઈ. જેમાં દાહોદ જિલ્લાના કુલ ૩૦૦ થી વધારે મેડીકલ ઓફિસર, તાલુકા આરોગ્ય અધિકારીઓ, આયુષ ડોકટર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર તથા દાહોદ જિલ્લાના SNCU સ્ટાફ જોડાયા હતા. સેવા રૂરલ તરફથી ડો. ધીરેનભાઈ મોદીએ તાલીમ આપી હતી.
- તા. ૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઘોઘંબા, ગોધરા ખાતે Polycab કંપની તરફથી કુપોષણ મુકત કરવા માટે Consultation મિટિંગનું આયોજન કરેલ હતું. તેમાં ટેકનીકલ એકસપર્ટ તરીકે ડો. ધીરેનભાઈ મોદી જોડાયા હતા.
- Treshna ફાઉન્ડેશન, અમદાવાદના માધ્યમથી ખેડા જિલ્લામાં એડોલેસન્ટ

કુપોષણ નિવારણ પ્રોજેકટ માટે ડો. ધીરેનભાઈ મોદી ટેકનીકલ એડવાઈઝર તરીકે જોડાયા હતા.

- તા. ૧લી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ IIM, ઈન્દોરના હેલ્થ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે Harenessing of Technology in Healthcare વિષય પર સેવા રૂરલના ડો. ધીરેનભાઈ મોદીએ સેવા રૂરલના ImTecho પ્રોજેકટ તથા AI ના ઉપયોગ વિશે સેશન લીધું હતું.

- સેવા રૂરલના કાર્યકરો માટે સોશિયલ મીડિયા વર્કશોપ તા.૧૨/૧/૨૬ ના રોજ ગુમાનદેવ ખાતે રાખવામાં આવેલ. જેમાં રીસોર્સ પર્સન તરીકે તનુશ્રીબેન ભાટીયા હાજર રહયા હતા. આ વર્કશોપનો હેતુ સોશિયલ મીડિયાનો ઉપયોગ આપણા કામમાં કેવી રીતે કરવો ? આપણા કામમાં રોજબરોજ કેસસ્ટડી, ડેટા, ફોટોગ્રાફ મળે તેને કેવી રીતે સોશિયલ મીડિયા પર સ્ટોરી કે પોસ્ટ મુકવી. જેમકે, તે પોસ્ટ લોકોને સ્પર્શે તેવી હોવી જોઈએ, તેનો ડેટા સાચો અને પ્રમાણિક હોવો જોઈએ જેથી સમસ્યામાં શું બદલાવ આવ્યો તે લોકો / સમાજને ખબર પડે.

- તા.૧૬ અને ૧૭ માર્ચના રોજ રાજપીપળા (જી.નર્મદા) ખાતે યુનિસેફ તથા આરોગ્ય વિભાગ, નર્મદાના સંયુકત આયોજનથી બાળકોમાં થતા બીનચેપી રોગો (NCD નોન કોમ્યુનીકેબલ ડીસીઝ) પર એક તાલીમ યોજાઈ. સેવા રૂરલમાંથી ડો.ધીરેન મોદી, ડો.કપીલ દવે તથા બકુલભાઈ લીબચીયાએ સેવા રૂરલમાં થતી નવજાત શિશુ સીકલસેલની તપાસ તથા યોગ્ય સારવાર વિશે પોતાના અનુભવોની વાત કરી હતી, તથા નવજાત શિશુની મમતા દિવસના રોજ સીકલસેલની તપાસ કેવી રીતે કરવી તેનું પ્રેકટીકલ નિર્દશન પણ કર્યું હતું.

- તા. ૧૮ માર્ચના રોજ યુનિસેફ, ગુજરાતના વડા ડો.નારાયણ ગાઓન્કર સેવા રૂરલની મુલાકાતે આવ્યા હતા. તેમણે સેવા રૂરલ પોતાના મિશનને અનુરૂપ હજી કેવી રીતે આગળ વધી શકે તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

- તા.૨૦ માર્ચના રોજ સેવા રૂરલ, ઝઘડિયા તથા અતુલ ફાઉન્ડેશન, અતુલ વચ્ચે ત્રણ વર્ષના કરાર થયા. જેમાં મુખ્યત્વે અતુલ ફાઉન્ડેશનના કોમ્યુનીટી હેલ્થ પ્રોગ્રામમાં સેવા રૂરલ તેઓને ટેકનીકલ માર્ગદર્શન આપશે. સેવા રૂરલમાંથી ડો.પંકજભાઈ શાહ તથા ડો. ધીરેન મોદી અને અતુલ ફાઉન્ડેશનમાંથી સ્વાતીબેન તથા અદિતીબેન હાજર રહયા હતા.

## કિશોર કિશોરી જાગૃતિ કાર્યક્રમ :

- **પતંગોત્સવ :** ૧૩,૧૫,૧૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કુલ ૮ ગામમાં પતંગોત્સવમાં ''ખજુર, બાજરીને શાકભાજી, તબિયત રાખે તાજી'' ''દારૂ વિમલ ને ગાંજો, વહેલો નીકળે જનાજો'' સંદેશાઓ વિશે ૫૧૭ એડોલેસન્ટ, ગ્રામજનો, બાળકોને મળ્યા અને તેઓને પતંગ પરના સંદેશાના માધ્યમથી પોષક આહારનું મહત્વ, વ્યસનથી થતા નુકસાન અંગે સમજ આપી. ગામની દુકાન,

આંગણવાડી સેન્ટર પર અને જોખમી કિશોર કિશોરીની હોમ વિઝિટ કરી તેમના ઘરે પતંગો લગાવી આરોગ્ય જાગૃતિ લાવવા પ્રયત્ન કર્યો.

- **આંગણવાડી કાર્યકર તાલીમ :** ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ઝઘડિયા તાલુકાની ૧૦૬ આંગણવાડી કાર્યકર સાથે એક દિવસીય તાલીમમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ, માનસિક સ્વાસ્થ્ય, બાળકોને સારો ખરાબ સ્પર્શ અને સેવા રૂરલ એડોલેસન્ટ પ્રોગ્રામની જાણકારી પાવર પોઈન્ટ અને વીડિયોના આધારે આપી. માનસિક સ્વાસ્થ્ય હેલ્પલાઈન નંબર છે તેવું તેઓએ પહેલીવાર જાણ્યું. સોશિયલ મીડિયા વિશેની સમજ પણ તેઓને રસપ્રદ અને જરૂરી લાગી.

- **આશા કાર્યકર તાલીમ :** ૩૦ માર્ચ ૨૦૨૬ના રોજ ઝઘડિયા તાલુકાની આશા કાર્યકર બહેનો સાથે સંકલન મિટિંગ કરી. ૧૨૦ આશા કાર્યકર હાજર રહયા. નાની ઉંમરે લગ્ન, સોશિયલ મીડિયા, જાતિય સતામણી, સ્ત્રીઓનું વસ્તુતીકરણ વિષયો પર નાટકોની રજુઆત કરી સમજણ આપી. એડોલેસન્ટમાં જોવા મળતા પ્રશ્નોમાં તેઓની ભુમિકાની વાત પર ચર્ચા કરી.

- **સમન્વય પ્રોગ્રામ :** ૯ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન સમન્વય – બેંગ્લોરથી બે કાર્યકર ભાઈઓ દ્વારા એડોલેસન્ટ, સી.એચ.પી વિભાગમાં ડીજીટલ પ્રોગ્રામમાં આવતી અડચણો અને તેના નિરાકરણની કામગીરી કરી. કાર્યકરો સાથે બેસી તેઓની મુશ્કેલીઓ સમજી તેનુ નિરાકરણ કરવા પ્રયત્ન કર્યા. આવેલ ડીજીટલ નિષ્ણાંત ભાઈઓએ સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ જોઈ અને ફીલ્ડ વિઝિટ પણ કરી.

- **પીયર એજયુકેટર મિટિંગ :** ત્રણ માસ દરમ્યાન બે પીયર એજયુકેટર મિટિંગ કરી. જાન્યુઆરી માસમાં શાળા કક્ષાએ અને માર્ચમાં હેડકવાર્ટર પર કરી. હેડકવાર્ટર પર ૨૫ માર્ચ ૨૦૨૬ના રોજ એડોલેસન્ટ કાર્યક્રમમાં શાળા, આશ્રમમાં આરોગ્ય તપાસ અને આરોગ્ય શિક્ષણ કામગીરીમાં મદદરૂપ થતા ૧૩૭ પીયર એજયુકેટરની મિટિંગ કરી. આ મિટિંગમાં વર્ષ દરમ્યાન સારૂ કામ કરનાર ૧૦ પીયર એજયુકેટરને ''બેસ્ટ પીયર એજયુકેટરનો'' એવોર્ડ આપ્યો. ઉપરાંત બધા પીયર એજયુકેટરને ઈન્સેન્ટીવના ભાગરૂપે લંચ બોકસ અને પાણીની બોટલ ભેટ આપવામાં આવી. મિટિંગમાં પીયર એજયુકેટરની ભુમિકા – તેના ગુણો, મારું લંચ બોકસ આદર્શ લંચ બોકસ કેવી રીતે બને ? તે વિષયની સમજ આપવામાં આવી.

## તાલીમ કેન્દ્ર સમાચાર

- **લખીગામ આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ :** ૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ગુજરાત પોર્ટ કેમીકલ લિમિટેડ – દહેજ ના સહયોગથી લુવારા અને જાગેશ્વર ગામની શાળામાં અને આંગણવાડી સેન્ટર પર આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ૩ માસિક સ્વચ્છતા કોર્નર કીટ, ૧૦૦ માસિક કીટ અને ૫ સ્થળે આરોગ્ય શિક્ષણ પોસ્ટર પ્રદર્શિત કર્યા અને સમજાવ્યા. જેમાં ૩૨૪ વિદ્યાર્થીઓએ આ પ્રવૃતિનો લાભ લીધો.

- **ડીજીટલ ડેટા કલેકશન તાલીમ :** ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ઝઘડિયા વિસ્તારમાં કામ કરતી સંસ્થાના કાર્યકર ભાઈઓ બહેનો સાથે '' ડીજીટલ ડેટા કલેકશન ''વર્કશોપ કર્યો. જેમાં ઝઘડિયા વિસ્તારમાં કામ કરતી અને અન્ય વિસ્તારની ૧૦ થી વધુ સંસ્થાના સભ્યોએ વર્કશોપનો લાભ લીધો. ખાસ તેઓની કામગીરીમાં નડતા પ્રશ્નોનું સમાધાન મેળવવાની ચર્ચા કરી.

## અન્ય સંસ્થા તાલીમ :

- **માનવ સાધના વિઝિટર્સ :** ૨૪,૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન માનવ સાધના – અમદાવાદના ૮ કાર્યકર ભાઈઓ બહેનોની ટીમે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિની માહિતી મેળવી અને હોસ્પિટલની મુલાકાત કરી. આ દરમ્યાન તેઓને આરોગ્ય વિષયની તાલીમ પણ આપવામાં આવી.
- **જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ –ધરમપુર આરોગ્ય તાલીમ :** ૨૩ થી ૨૭ માર્ચ ૨૦૨૬ ના રોજ જશોદા પબ્લિક ચેરીટી ટ્રસ્ટ – ધરમપુર સંસ્થામાં "ઘનિષ્ઠ માતૃબાળ સંભાળ " કાર્યક્રમ અંતર્ગત ૩૫ સહેલી બહેનો,૧૦ સુપરવાઈઝર ભાઈઓ બહેનો સગર્ભા સંભાળ, ધાત્રી સંભાળ, IMNCI માં બે માસ સુધીના બાળકની સંભાળ વિશેની પાંચ દિવસીય તાલીમ લઈ ગયા.
- **શુભેચ્છક ડો.સ્મિતાબેન સેવા રૂરલ વિઝિટ :** ૯ થી ૧૪ માર્ચ ૨૦૨૬ દરમ્યાન સંસ્થાના શુભેચ્છક અને ઓસ્ટ્રેલિયા સ્થાયી થયેલ ડો. સ્મિતાબેન અને તેમના પતિ સંસ્થાની મુલાકાતે આવ્યા. તેઓ ઓસ્ટ્રેલિયામાં એડોલેસન્ટ સાથે જે એકિટવિટી કરે છે તે વિષયની જાણકારી એડોલેસન્ટ સ્ટાફને આપી અને સુપરવાઈઝરે એડોલેસન્ટને કેવી રીતે સમજવા તે વિશેની તાલીમ પણ આપી. સાથે સંસ્થાની અન્ય પ્રવૃત્તિઓ પણ નિહાળી.
- ૬ માર્ચ ૨૦૨૬ ના રોજ આગાખાન – ઝઘડિયા સંસ્થાના આમંત્રણને માન આપી મહિલા દિવસ ઉજવણી કાર્યક્રમમાં સેવા રૂરલના પ્રતિનિધિ પણ જોડાયા અને પોષક આહાર તથા આરોગ્યનું રક્ષણ કરવુ તે બહેનોનો અધિકાર છે તે વિશે સમજ આપી.

## ઈનહાઉસ તાલીમ :

- **કો–ઓર્ડીનેશન વર્કશોપ :** ૬,૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ કો–ઓર્ડીનેશન સભ્યો માટે વર્કશોપ કર્યો જેમાં ૪૦ સભ્યો સહભાગી બન્યા. વર્કશોપમાં AIનો કામમાં ઉપયોગ, 5S, સ્વયંશિસ્ત સાથે કામમાં પહેલ કરી સ્વાવલંબન તરફ વિકાસ, જીવનની SIP જેવા વિષયો લીધા.
- **નવા કાર્યકર વર્કશોપ ભાગ – ૪ :** નવા કાર્યકર વર્કશોપમાં અન્ય સંસ્થાની વિઝિટ કરવાના ભાગરૂપે ૧૪ માર્ચ ૨૦૨૬ ના રોજ ૨૧ નવા કાર્યકર ભાઈઓ બહેનોએ ''મુની સેવાશ્રમ – ગોરજ'' ( વડોદરા ) સંસ્થાની મુલાકાત કરી.
- **માનસિક સ્વાસ્થ્ય અવેરનેસ સેશન :** ૧૯ જાન્યુઆરી ઝઘડિયા – મિશન આશ્રમ અને ૨૧ જાન્યુઆરી ઝઘડિયા કુમાર–આશ્રમ

ખાતે "માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા પ્રિવેન્સન" વિષય પર ૨૦૨ વિદ્યાર્થીઓને એકિટવિટી, વાર્તાના માધ્યમથી માનસિક સ્વાસ્થ્ય જાળવણી કેવી રીતે કરી શકાય તે સમજાવ્યુ.

## સ્વરક્ષણ તાલીમ કેન્દ્ર :

- **સ્વરક્ષણ તાલીમ :** ૨૮ થી ૩૦ પાર્લર જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન ૧૫ મી બેચના પાર્લરના તાલીમાર્થી અને CHP વિભાગમાં નવા જોડાયેલ સ્ટાફની ૫ બહેનોને સ્વરક્ષણ તાલીમ આપી.
- **ગ્રામ રક્ષક દળ ( GRD )– ઝઘડિયા – બહેનોની સ્વરક્ષણ તાલીમ :** ૨૧ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ ત્રણ દિવસ ઝઘડિયા પોલીસ સ્ટેશનના ગ્રામ રક્ષક દળના ૨૫ કાર્યકર બહેનોને સ્વરક્ષણ તાલીમ આપી.
- **સામર્થ્ય વર્કશોપ :** ૨૩ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ત્રણ દિવસ સિવણના ૩૦ તાલીમાર્થી બહેનોને સામર્થ્ય પ્રોગ્રામ અંતર્ગત લીંગ અસમાનતા, પિતૃસત્તાક માનસિકતા, માસિક સંબંધી માન્યતાઓ, સ્ત્રી સ્વતંત્રતા, કરીયર, લગ્ન જીવનના સંઘર્ષ વિષયોની સમજ આપતો વર્કશોપ કર્યો.
- **હોસ્પિટલ નર્સીંગ સ્ટાફ બહેનો :** ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ૩૯ નર્સીંગ સ્ટાફ બહેનો સાથે જેન્ડર અને નારીવાદી નેતૃત્વ વિશે વિડિયોના માધ્યમથી સમજ આપી.
- **જાતિય સતામણી વિરોધી સમિતિ – સેવા રૂરલ :** ૨૪ માર્ચ ૨૦૨૬ ના રોજ સેવા રૂરલ જાતિય સતામણી વિરોધી સમિતિની મિટિંગ કરી. જેમાં કુલ ૧૦ સભ્યો હાજર રહયા. ગત મિટિંગની મિનિટસનું વાંચન અને વિભાગીય રજુ થયેલ પ્રશ્નો અને તેના નિરાકરણ વિશે ચર્ચા કરવામાં આવી.
- **જાતિય સતામણી સેશન ( સેવા રૂરલ સ્ટાફ સાથે ) :** ૧૮ માર્ચ ૨૦૨૬ ના રોજ સેવા રૂરલ સ્ટાફ મિટિંગમાં હાજર સ્ટાફ સાથે જાતિય સતામણી કોને કહેવાય તેની ચર્ચા કરી. સંસ્થામાં જાતિય સતામણી સમિતિ કાર્યરત છે. ત્યાં ભાઈઓ અને બહેનોને આ વિષયમાં કોઈ પ્રશ્ન હોય તો સમિતિ સભ્યોને રજુઆત કરી શકે તે જાણકારી ફરી આપી. રોલ પ્લે અને ચર્ચાથી કાર્યકર ભાઈઓએ શું કરવું અને શું ન કરવું ? તે જણાવ્યુ.૧૫૦ કાર્યકર ભાઈઓ બહેનો તાલીમમાં જોડાયા.
- **સ્ટુડન્ટ પ્લેસમેન્ટ :** ૧૪ થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન ધરમસીંગ મેડીકલ કોલેજ – નડીયાદ થી PSM માં અભ્યાસ કરતાં ત્રણ ડોકટર ભાઈ બહેને ફીલ્ડ પોસ્ટીંગના ભાગરૂપે સંસ્થાની ફીલ્ડ પ્રવૃત્તિ જોઈ.

## કાર્યકરોનો સ્વવિકાસ :

- ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ આર.ટી.ઓ ભરૂચ દ્વારા લેવાયેલ સેફટી સેશનમાં ટ્રેનીંગ સેન્ટર વિભાગમાંથી પિયુષભાઈ અને કનુભાઈ સહભાગી બન્યા.
- **માસિક સ્વસ્છતા કોર્નર કીટ :** ત્રણ માસ દરમ્યાન કોમ્યુનીટી હેલ્થ સેન્ટર,સ્વૈચ્છીક સંસ્થામાં ૩ માસિક સ્વચ્છતા કોર્નર કીટ મોકલ્યા.

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર સમાચાર :

- તા.૯/૧/૨૦૨૬ ના રોજ શ્રીરામ આલ્કલી એન્ડ કેમીકલ્સ (DCM) ઝઘડિયા ઈન્ડસ્ટ્રીઝમાંથી આવેલ શ્રી રજનીકાંતભાઈ અને તેમની ટીમ દ્વારા ''રાષ્ટ્રીય સુરક્ષા અભિયાન'' હેઠળ રોડ સુરક્ષા વિશે વિદ્યાર્થીઓ અને સ્ટાફને માહિતી આપવામાં આવી.
- તા.૧૮/૧/૨૦૨૬ના શ્રી મયંકભાઈ મહેતા (અમદાવાદ) દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ માટે ''સ્વરોજગાર શિબિર'' રાખવામાં આવી તથા તા.૨૨/૨/૨૦૨૬ ના રોજ ''ઉદ્યોગ સાહસિકતા'' વિષય પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.
- તા.૨૨/૧/૨૦૨૬ ના રોજ ભરૂચ આર.ટી.ઓ (RTO)ની ઓફિસમાંથી આવેલ વર્ષાબેન પરમાર અને તેમની ટીમ દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ અને સ્ટાફ સાથે ''રોડ સેફટી'' આધારિત વીડિયોના માધ્યમથી ખૂબ જ સરસ માહિતી આપવામાં આવી.
- તા.૨૬/૧/૨૦૨૬ ના રોજ વિજીટીકેમાં ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી મનિષભાઈ ચૌહાણના હસ્તે કરવામાં આવી. જેમાં વિજીટીકેના તાલીમાર્થીઓ અને સ્ટાફ જોડાયા હતા.
- તા.૩૦/૧/૨૦૨૬ ના રોજ વિજીટીકેના સ્ટાફ દ્વારા તાલીમાર્થીઓ સાથે ઓએસીસની શિબિર યોજવામાં આવી. જેમાં જીવનમાં સફળતા મેળવવા માટે જરૂરી ગુણો જેવા કે સખત મહેનત, આત્મવિશ્વાસ અને જીવનનો ધ્યેય વગેરે વિશે વિવિધ ઉદાહરણો દ્વારા તાલીમાર્થીઓને વિસ્તારપૂર્વક સમજ આપવામાં આવી.
- તા.૩/૨/૨૦૨૬ ના રોજ આર્ચ, ધરમપુરના સહયોગથી ''પિટારા : પુસ્તક પ્રદર્શન અને ગણિત, વિજ્ઞાનની પ્રવૃતિઓ'' ટ્યુટોરિયલ વિભાગમાં રાખવામાં આવેલી. જેમાં વિજીટીકેના તાલીમાર્થીઓ અને સ્ટાફ જોડાયો હતો.
- તા.૧૩/૨/૨૦૨૬ ના રોજ શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે વિજીટીકેના તાલીમાર્થીઓને ચાર અલગ અલગ ગ્રુપમાં ધરમપુરમાં આવેલ જીલ્લા વિજ્ઞાન કેન્દ્ર (સાયન્સ સીટી) અને શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અને હોસ્પિટલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.
- તા.૧૮/૨/૨૦૨૬ ના રોજ ભરૂચ જીલ્લા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અંકલેશ્વર, ઝઘડિયા અને વાલીયા તાલુકામાંથી લગભગ ૭૫ જેટલા દિવ્યાંગ બાળકો તેમના વાલી અને શિક્ષકો સાથે વિજીટીકેની મુલાકાતે આવ્યા હતા. જેમાં તેમણે સેવા રૂરલમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ વિશે માહિતી મેળવી.
- તા.૬,૭ માર્ચ ૨૦૨૬ ના રોજ શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે વિજીટીકેના સ્ટાફને, અંજલી હોસ્પિટલ (રણાસણ, જી.સાબરકાંઠા) અને સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ (રાજેન્દ્રનગર)ની મુલાકાત કરાવવામાં આવી. જેમાં એમણે બંને સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃતિઓની વિસ્તારપૂર્વક માહિતી મેળવી.

- તા. ૨૭/૩/૨૦૨૬ના રોજ વિજીટીકેના ઈકવીટી મેન્ટર ગ્રુપ (માર્ગદર્શક – ડો. અમીબેન યાજ્ઞિક)ના ૧૯ તાલીમાર્થીઓને મનોરંજન પ્રવાસના ભાગરૂપે કાર્નિવલ વોટર અને એડવેન્ચર પાર્ક – સેવણી (સુરત) ખાતે લઈ જવામાં આવ્યા હતા. જેમાં સુરતથી ખાસ ડો. અમીબેન યાજ્ઞિક અને વિજીટીકેમાંથી મનિષભાઈ ચૌહાણ અને અજયભાઈ લિમ્બચીયા જોડાયા હતા. ડો. અમીબેન યાજ્ઞિકે ''ઈકવીટી'' વિષય પર વિદ્યાર્થીઓ સાથે દર મંગળવારે સાંજે ૬:૧૫ થી ૭:૩૦ વાગ્યે કુલ ૧૮ વખત વાર્તાલાપ કર્યો.
- વિજીટીકે ધો.૧૦ની પરીક્ષામાં કુલ ૧૮ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી. જેમાંથી ૧૫ વિદ્યાર્થીઓ પાસ થયા. માટે વિજીટીકેમાં જે પ્રયોગ કરેલો તે સફળ રહયો છે.

**રાષ્ટ્ર માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા તત્પર બનેલા અને નિષ્ઠાથી ઊભરાતા લોકોનો જ્યારે તમને સાથ મળે – એવા લોકો જ્યારે તમારી વચ્ચે ઊભા થાય – ત્યારે ભારત એકેએક ક્ષેત્રમાં મહાન બનશે. રાષ્ટ્ર એટલે આખરે તો રાષ્ટ્રના લોકો જ !**

## ઈન્ડસ્ટ્રીઝ વિઝિટની માહિતી

| તારીખ | ટ્રેડ | ઈન્ડસ્ટ્રીઝ | શું જાણવા મળ્યું |
|---|---|---|---|
| ૨૪/૧/૨૬ | વેલ્ડર | જી.એન.એફ.સી. | ડીફેક અને લેસર વેલ્ડીંગ, ટીંગ અને સ્પોટ મશીન વિશે માહિતી મેળવી. |
| ૩૧/૧/૨૬ | કેમીકલ | પી.ઈ.ટી.એલ | એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટની પ્રોસેસ, સ્પ્રે ડ્રાયર અને લેબોરેટરીમાં ચાલતા વિવિધ પ્રેકિટકલો વિશે માહિતી મેળવી. |
| ૫/૨/૨૬ | ફિટર | ગાલીયાકોટવાલ – અંકલેશ્વર | માઈટર એલ્બોના કેલ્કયુલેશન, હિટ એક્ષચેન્જર અને ઓટો લેઝર મશીન વિશે માહિતી મેળવી. |
| ૭/૨/૨૬ | ટર્નર, મશીનિષ્ટ | રાહુલ ફોરમેટાઈલ (રેન્શા) | ગ્રાઈન્ડીંગ મશીન અને તેની પ્રોસેસ,ચેમ્ફરીંગ,બેઝર અને વાયબ્રેશન મશીન, રોબોટ સિસ્ટમ વિશે માહિતી મેળવી. |
| ૧૯/૩/૨૬ | ટર્નર, મશીનિષ્ટ અને CNC | જી.એચ.પી.એસ અને મહાપ્રે એન્જીનિયરીંગ | ટર્બા મશીન, પ્રેસ મશીન, ડાયપંચીંગ અને લેથ મશીનકામગીરી વિશે માહિતી. |

## "ભૂતપુર્વ વિદ્યાર્થી સ્નેહમિલન સમારોહ"

તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬ના સ્વામી વિવેકાનંદ જન્મદિનના શુભ અવસરે વિજીટીકેના પ્રાંગણમાં દર વર્ષે યોજાતા ભૂતપુર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલનમાં આ વર્ષે પણ જુના વિદ્યાર્થી મિત્રો અને ગુરૂજનોનો એક અત્યંત ભાવુક અને આનંદદાયક 'સ્નેહમિલન' સમારોહ યોજાયો હતો.

## કાર્યક્રમની રૂપરેખા :

કાર્યક્રમની શરૂઆત સવારે ૧૧ કલાકે પ્રાર્થના સાથે કરવામાં આવી. સંસ્થાના કાર્યકરોએ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પધારેલ ડો. મિનળબેન દવે અને ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કરી ટુંકમાં પરિચય આપ્યો હતો. ત્યારબાદ સંસ્થામાં થતી મુખ્ય પ્રવૃતિઓની ઝાંખી આપી હતી. આ સાથે સંસ્થાના શારદા મહિલા વિકાસ સોસાયટી વિભાગના વડા ડો.શોભાબેને સંસ્થામાં ચાલતા બહેનોના વિવિધ વિભાગોમાં થતી કામગીરીની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં પધારેલ વિવેકમિત્ર મંડળના પ્રમુખ શ્રી વાઘજીભાઈએ પોતે આ સંસ્થામાં ભૂતપુર્વ વિદ્યાર્થી હતા અને સંસ્થા થકી આજે સરસ જીવન જીવી રહયા છે. તેની વાત કરી. સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર શ્રી મયંકભાઈ પંડયાએ 'વીર સેનાપતિ વિવેકાનંદ' શૌર્ય ગીત ગાઈ વાતાવરણ ઉત્સાહ પ્રેરિત કર્યુ. સાથે ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ સ્ટેજ પરથી પોતાના તાલીમના દિવસોના રમૂજી કિસ્સાઓ અને અનુભવો રજૂ કર્યા હતા. આજે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિના પર્વને ધ્યાનમાં રાખી ચાલુ બેચના વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદના જીવનના પ્રેરક પ્રસંગો નાટકરૂપે જીવંત કર્યા હતા. કાર્યક્રમના મધ્યમાં મુખ્ય વકતા ડો.મિનળબેન દવે એ "વિવેકાનંદના ભારતવર્ષના પુનઃરૂત્થાનમાં આજના યુવાનની જવાબદારી" વિષય પર અત્યંત ગહન અને પ્રેરક વિચારો રજુ કર્યા હતા. તેઓએ સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના જીવનદર્શન પર ઉદાહરણ આપી તેમની વાતોને જીવંત કરી હતી.

આજના દિને વિજીટીકે પર સવારે ૧૦ કલાકે 'આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળા' ડો. મિનળબેન દવે તથા ભૂતપુર્વ વિદ્યાર્થીઓને હસ્તે ખૂલ્લી મુકાઈ સાથે ભૂતપુર્વ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ બ્લડ ડોનેશન કેમ્પમાં રકતદાન કરી સંસ્થાનું ગૌરવ વધાર્યુ હતું.

આ કાર્યક્રમે સાબિત કર્યુ કે સંસ્થા માત્ર શિક્ષણ જ નહી, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સંસ્કાર સિંચન પર પણ ભાર મુકે છે. બપોરે સૌ સાથે મળીને સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો. ભોજન દરમ્યાન જુના મિત્રો એકબીજાને મળીને પોતાની કારકીર્દી અને પરિવાર વિશે વાતો કરતા જોવા મળ્યા હતા. અંતમાં દરેક વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી સ્વામી વિવેકાનંદની પુસ્તિકા અને કાપડની થેલી સ્મૃતિભેટ આપવામાં આવી.

આમ, ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન માત્ર એક કાર્યક્રમ ન રહેતા, જુની મિત્રતાને તાજી કરવાનું અને સંસ્થા સાથે સબંધોને વધુ મજબૂત બનાવવાનું એક માધ્યમ બન્યું હતું.

## સેવા રૂરલના કાર્યકર માટે :

**સેકન્ડ ઈનિંગ શિબિર ભાગ–૨ :** સેકન્ડ ઈનિંગ શિબિર સંસ્થામાંથી રીટાયર્ડ થયેલ કાર્યકરો તથા સંસ્થામાં કામ કરતા કાર્યકરોના માતા પિતા જેમની ઉંમર ૫૫ વર્ષ કરતા વધુ હોય કે રીટાયર્ડ હોય તેઓ રીટાયરમેન્ટ પછીની જીંદગી ઉત્સાહિત, આનંદદાયક, પ્રવૃત્તિમય અને સ્વસ્થ પસાર કરે તે હેતુથી અગાઉ નવેમ્બર માસમાં યોજાઈ હતી. તેના બીજા ભાગરૂપે તા. ૧૮ જાન્યુ. ૨૦૨૬ના રોજ ૧૦ થી ૧૨ જેટલા સહભાગીઓએ ભરૂચ મલ્ટીપ્લેક્ષ સિનેમાઘરમાં ગુજરાતી ફિલ્મ “લાલો” જોવાનો આનંદ માણ્યો હતો.

**લીલવાની વાનગી સ્પર્ધા :** તા.૯/૨/૨૦૨૬ના રોજ કાર્યકરોમાં રહેલ સુષુપ્ત વાનગીકળા ખીલે તે હેતુથી લીલવાની વાનગી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ કાર્યકરોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી હતી. જેમાં વિજેતા ડો. જાન્વીબેન પટેલને વિજેતા ઈનામ તથા અન્ય સ્પર્ધકોને સંસ્કારદીપ વિદ્યાલય, અંકલેશ્વરના ભૂતપુર્વ આચાર્ય શ્રી સુધાબેન વડગામાના હસ્તે પ્રોત્સાહન ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

**ધુળેટી ઉજવણી :** તા.૪/૩/૨૦૨૬ ના રોજ ધુળેટી પર્વના દિવસે હાજર સ્ટાફના સભ્યોએ પોતાની ફરજ પૂર્ણ કરી સૌ સ્ટાફ સભ્યોએ ભેગા મળીને ધુળેટી પર્વની ઉજવણી કરી હતી અને એકબીજાને રંગોત્સવ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

## શારદા મહિલા વિકાસ સોસાયટી

### મહિલા જાગૃતિ કાર્યક્રમ :

- આ વર્ષની મહિલા જાગૃતિ કાર્યક્રમની થીમ 'ચાલો આનંદમાં રહીએ'ના ભાગરૂપે જાન્યુઆરી માસમાં ૧૨૫ સહયોગી તેમજ તાલીમાર્થી બહેનોને ભરૂચ આઈનોક્ષ થીયેટરમાં 'લાલો' પીકચર જોવા લઈ ગયા. ઘણાં બહેનોએ પહેલીવાર થીયેટરના મોટા સ્ક્રીન પર પીકચર જોવાનો આનંદ માણ્યો.
- ફેબ્રુઆરીમાં હવે ગરમીના દિવસોની શરૂઆત હોવાથી અંકલેશ્વરના શ્રીમતિ ઈલાબહેન પુજારાએ ઓછા ખર્ચે શારીરિક તંદુરસ્તીને ધ્યાનમાં રાખતા સ્વાદિષ્ટ શરબતો બનાવતા શીખવાડયું. જેમાં જાસુદ, ગુલાબ, અપરાજીતા જેવા ફૂલોમાંથી તેમજ ફુદીનો, લીલી ચા, આદુ વિગેરેનો ઉપયોગ કરી શરબતો બનાવ્યા તથા બીજા અન્ય શરબતોની રીત બતાવી.
- ૮ મી માર્ચે રવિવાર હતો. શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા હવે ઘણાં ગામોમાં તાલીમની પ્રવૃતિઓ થઈ રહી છે. એટલે આ વર્ષે રઝલવાડા ગામમાં ૮ મી માર્ચની ઉજવણી કરી. ગામમાં રેલી કાઢી. ત્યારબાદ ગામની શાળાના હોલમાં આ વર્ષની થીમ “ Rights, Justice and action for women” પર સંસ્થાના વિવિધ વિભાગોના કાર્યકરોએ નાટકો રજૂ કર્યા અને નાટકમાંથી જે જરૂરી સંદેશા હતા તેની ચર્ચા કરી. રઝલવાડા ગામના આગેવાન, સરપંચશ્રી અને ગામની શાળાના પ્રિન્સીપાલનો સહકાર મળી રહયો. જેથી કાર્યક્રમ ખૂબ જ સારી રીતે ઉજવાયો. બીજે દિવસે નવમી માર્ચે આપણી સંસ્થામાં આ કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં રઝલવાડા ગામમાં જે નાટકો કર્યા હતા તે

નાટકો તેમજ સ્ત્રી સશકિતકરણની નાની–નાની મોટીવેશનલ વિડિયો કિલપ બતાવી ચર્ચા કરવામાં આવી.

- શારદા મહિલા વિકાસ સોસાયટી સંસ્થાને Form 10AB રીન્યુઅલ ઓર્ડર તા.૨૦/૩/૨૦૨૬ના રોજ (તા.૨૦/૩/૨૦૨૬ થી ૨૦૩૭ સુધી) મળેલ છે.

## ગારમેન્ટ વિભાગ :

## સ્થાનિક સીવણ તાલીમ વર્ગ

- બેચ નં. ૪૯,૫૦ તા.૩૧/૧/૨૦૨૬ના રોજ પુરી થઈ. ૩૭ બહેનોએ તાલીમ પુરી કરી. જેઓને તા.૫/૨/૨૦૨૬ના રોજ સીલાઈ મશીન મોટર સાથે આપવામાં આવ્યા. સીલાઈ મશીનના ૫૦% રકમ તાલીમાર્થી બહેનો અને ૫૦% રકમની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવે છે.
- નવી બેચ તા.૧/૨/૨૦૨૬ના રોજ શરૂ થઈ. બેચ નં. ૫૧,૫૨ કુલ ૪૬ બહેનોથી નવી બેચ શરૂ થઈ. કુલ ૬ માસનો કોર્ષ હોય છે. દર બે મહિને પરીક્ષા લેવામાં આવે છે. તેઓનું સંસ્થા તરફથી હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું. સ્વવિકાસ અને સેફટીની તાલીમ આપી. આ સિવાય ઓએસીસની તાલીમ ૩ દિવસ આપવામાં આવી.

## નાસ્તા વિભાગ :

- હોસ્પિટલના કોરિડોરમાં મૂલ્યલક્ષી કાર્ય “શારદા હાટ”માં વેચાણ ચાલુ કર્યું. જાન્યુઆરી માસથી એમાં પ્રામાણિકતાના મૂલ્યને ધ્યાનમાં રાખી “શારદા હાટ”માં ગ્રાહક પોતે જ ૧૦રૂા. નું પેકેટ લે અને ત્યાં મુકેલ ડબ્બામાં જાતે જ પૈસા મુકે અથવા સ્કેનરથી ઓનલાઈન પૈસા ચૂકવે એ પ્રયોગ શરૂ કર્યો છે.

## બ્યુટીપાર્લર તાલીમ :

- જાન્યુઆરી માસમાં એડવાન્સ કોર્ષની બીજી બેચ પુરી થઈ. જેમાં ૮ બહેનોએ તાલીમ પુરી કરી.
- ૩૦મી માર્ચે ૧૫મી બેચ પુરી થઈ. જેમાં ૧૭ બહેનોએ તાલીમ પુરી કરી. તાલીમ પૂર્ણ કરેલ બહેનોને સ્ટાર્ટઅપ કીટ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા.

## ગ્રામ્ય સ્તરે તાલીમ વર્ગ :

- તા.૨૯ જાન્યુઆરીએ ઝઘડિયા તાલુકાના વલા ગામમાં બ્યુટીપાર્લરના ૧૪ બહેનોએ તાલીમ પુરી કરી. તેમને બ્યુટીપાર્લરની સ્ટાર્ટઅપ કીટ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા.
- તા.૧૦ જાન્યુઆરીએ ખાલક ગામમાં સિવણ તાલીમ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જેમાં ૨૦ બહેનો તાલીમ લઈ રહયા છે.
- તા.૧૩ માર્ચના દિવસે દુ. વાઘપુરા ગામમાં સિવણ તાલીમમાં ૨૦ અને બ્યુટીપાર્લર તાલીમમાં ૨૨ તાલીમાર્થી બહેનો સાથે તાલીમ વર્ગોની શરૂઆત કરવામાં આવી.
- પીપલપાન ગામમાં પ્રાયોગિક ધોરણે શરૂ કરેલ અળસીયાનું ખાતર બનાવવામાં મહદ્‌અંશે સફળતા મળી. બહેનોએ આશરે ૧૫૦ કિલો ખાતર બનાવ્યું તેમાંથી ૫૦%

ખાતર પોતાના જ ખેતરમાં ઉપયોગ કર્યો. સાથે જ બહેનોએ અળસિયાનું પણ વેચાણ કર્યુ.

- જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં ખાલક ગામમાં ચાર વર્મી કંમ્પોસ્ટના પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા.

## સંશોધનની એરણે

## માનસિક તાણની શરીર પર થતી અસરો

### પ્રસ્તાવના :

શરીર અને મન વચ્ચે ગાઢ સંબંધ છે. બંનેની સ્થિતિઓની એકબીજા પર અસર પડે છે. મનમાં અતિશય તાણ પેદા થાય ત્યારે શરીરમાં પણ એનાં ચિહ્‌ન પેદા થાય છે. આ લક્ષણોને મનોદૈહિક ચિહ્‌ન કહેવામાં આવે છે. અતિશય તાણ થવાથી માથુ દુઃખે, શ્વાસ ભરાઈ આવે, હૃદયના ધબકાર વધી જાય, અપચો તેમજ હાઈપર એસિડિટીની તકલીફ થઈ શકે, હાથપગમાં ઝણઝણાટી અને ખાલી પણ ચઢી શકે છે. લાંબા ગાળાના માનસિક તણાવથી શરીરના કોષોની કામગીરી પ્રત્યેક અંગ, અવયવ અને કોષો પર વિપરીત અસરો જોવા મળે છે.

### મગજ પર થતી અસરો

ખાસ કરીને પાછળના ભાગમાં આવેલા મગજના પ્રફન્ટલ કોર્ટેકસ (prefrontal cortex) નામના ભાગના ચેતાકોષો નાશ પામે છે. મગજનો આ ભાગ આપણી જ્ઞાનાત્મક ક્ષમતા, એકાગ્રતા અને યાદશકિત સાથે સંકળાયેલો છે. અતિશય માનસિક તાણમાં જીવવાથી આપણી આ કાર્યશકિતઓ નાશ પામે છે.

### હૃદય

એકાએક પેદા થતા માનસિક આઘાત કે ડરને કારણે અથવા સખત તાવ કે ખેંચના લીધે હૃદયની ગતિ અને તાલમાં ગરબડ પેદા થાય છે. માનસિક તાણને કારણે આવતા લાગણીના તીવ્ર ઉછાળાને લીધે હૃદય પર તરત માઠી અસર થાય છે જેને broken heart syndrome કહેવાય છે.

કાયમી તાણને લીધે બ્લડ પ્રેશર વધારે રહેવાથી હૃદયરોગ અને પક્ષાઘાતના હુમલાનું જોખમ ઊભું થાય છે, જે જીવલેણ નીવડી શકે છે. વિશ્વમાં દર ચારમાંથી એક પુખ્ત વ્યકિત લાંબા ગાળાના માનસિક તણાવને કારણે હાઈ બ્લડ પ્રેશરની બીમારીથી પીડાય છે. આ રોગ હાર્ટ એટેક માટે જોખમ ઊભું કરે છે, કેમકે હાઈ બ્લડ પ્રેશરને લીધે શરીરમાં પ્રાણવાયુ યુકત લોહી પૂરું પાડનારી સૂક્ષ્મ ધમનીઓ સાંકડી અને કઠણ થવા લાગે છે. એના લીધે હૃદયના સ્નાયુઓને અને મગજના કોષોને મળતા પ્રાણવાયુના પુરવઠામાં ઘટાડો થાય છે.

### સ્નાયુઓ અને સાંધાઓ

અતિશય માનસિક તાણથી હાથ,પગ, હથેળીઓ અને પગના પંજાઓ પર વિપરીત અસરો થતી હોય છે. લાંબા ગાળાના તણાવને કારણે સાંધાઓ અને સ્નાયુઓ જકડાઈ જાય છે. એના લીધે હાથપગ અને કમરમાં કાયમી દુખાવો રહી શકે છે. લાંબા ગાળે સ્નાયુઓ અને સાંધાઓમાં શોથપ્રક્રિયા (Chronic inflammation)પેદા થાય છે. આનાથી સંધિવા અને સ્નાયુદર્દની તકલીફ ઊભી થાય છે, તેમજ શરીરનાં અંગો જકડાઈ જાય છે. વખત જતાં આ વિકૃતિ કાયમી બની શકે છે અને વ્યકિતની

હલનચલન ક્ષમતા ઘટતી જાય છે. પરિણામે અંગો વિકૃત બને છે.

### ઉપાય

માનસિક તાણની આ બધી અવળી અસરોથી બચવું હોય તો દીર્ઘ શ્વસન અને ધ્યાનની પ્રક્રિયા નિયમિત રીતે દસ મિનિટ માટે દિવસમાં બે વાર કરવાથી પણ સાનુકૂળ અસર મેળવી શકાય છે. યોગનાં આસનો અને ક્રમિક શિથિલીકરણ(પ્રોગ્રેસિવ મસ્કયુલર (રિલેકસેશન)ની પદ્ધતિ પણ આ હેતુસર કામિયાબ થઈ શકે છે. તાણમાં જીવવાનું સ્વીકારી ન લો. એનો યોગ્ય ઉપાય કરો. નહીં તો લાંબા ગાળાથી શરીરમાં એકત્ર થતો તણાવ અકાળે માણસનો ભોગ લઈ શકે છે.

## નાનાઓની મોટાઈ


શર્મિલાબેન સામેલભાઈ ડામોર
ગામ : મસ્કા, દાહોદ

ડિલિવરી થઈ હોવાથી હોસ્પિટલમાં દાખલ હતા. તા.૭/૨/૨૬ના રોજ શર્મિલાબેનના સગા સુનિતાબેન હોસ્પિટલમાં સફાઈ દરમ્યાન ઓપીડીની બહાર બેઠાં હતાં. તેમના રૂપિયાનું પર્સ તેમના ખોળામાં હતું. અચાનક ફોન આવ્યો અને સુનિતાબેન ફોન પર વાત કરતાં કરતાં ચાલવાં લાગ્યાં. બહારની બાજુ લારી – ગલ્લા તરફ ગયા. ફોન પૂરો થતા ખ્યાલ આવ્યો કે પર્સ હાથમાં નથી. એટલે જયાં બેઠા હતા ત્યાં તપાસ કરી તો પર્સ મળ્યું નહીં. બેનની પાસે જે રૂપિયા હતા તે આ પર્સમાં જ હતા. બેન હોસ્પિટલમાં કામ કરતાં અનસોયાબેન (પટાવાળા) પાસે રડવા લાગ્યાં અને કહેવા લાગ્યા કે મારું પર્સ પડી ગયેલું મળતું નથી અને હું બેઠી હતી તેની આજુબાજુ તપાસ કરી તો મળતું નથી. અનસોયાબેને પર્સ શોધવામાં મદદ કરી. પછી ન મળતા કમલભાઈને CCTV ચેક કરવા જણાવ્યું. પછી કેમેરા ચેક કરતાં જે બેને આ પર્સ લીધું હતું તેની માહિતી મળતા એ બેનને જાણ કરતાં બેનના ઘરવાળા સુનિતાબેનને પર્સ આપી ગયા. આ પર્સમાં રૂા.૩૫૭૦/– હતા. આમ બેન ખુશ થઈ ગયા. બેને અનસોયાબેનનો આભાર માન્યો. એક પટાવાળા બેને... ઉંડો રસ લઈ મદદરૂપ બન્યાં.



**સ્વામી વિવેકાનંદ**

**યુગયુગાન્ત સુધી વ્યાપી રહેલી નિશાનું અવસાન થતું જણાય છે... પ્રાણરહિત લાગતો મૃતદેહ જાણે ચેતનવંત બની ઊઠતોદેખાય છે... આપણી આ માતૃભૂમિ પોતાની દીર્ઘ ગાઢ નિદ્રામાંથી જાગ્રત થઈ રહી છે. હવે એનો કોઈ સામનો કરી શકે એમ નથી; કારણ કે એ વિરાટકાય આળસ ખંખેરીને પોતાના પગ ઉપર ઊભો થઈ રહ્યો છે.**



હે નમ્રતાના સાગર,
દીન ભંગીની તૂટી ઘોલકીમાં વસનાર,
ગંગા, બ્રહ્મપુત્રા, યમુનાનાં જળોએ સિંચિત
આ સુંદર દેશમાં સઘળે તને શોધવામાં
અમને મદદ કર.
અમને સહનશીલતા આપ.
તારી પોતાની નમ્રતા ( નિરહંકારતા ) આપ.
હિંદુસ્તાનની જનતા સાથે એકરૂપ થઈ જવાની શકિત અને તત્પરતા આપ.
હે ભગવાન,
તું ત્યારે જ વહારે આવે છે
જયારે માણસ અત્યંત નમ્ર બની તારું શરણું લે છે.
અમને વર આપ
કે સેવક અને મિત્રરૂપે
જે પ્રજાની સેવા કરવા અમે ઈચ્છીએ
તેનાથી અમે વેગળા ન પડી જઈએ.
અમને આત્મસમર્પણ અને સદ્ગુણોના ભાજન બનાવ,
અને નમ્રતાની સાક્ષાત્ મૂર્તિ કર.
જેથી આ દેશને
અમે વધારે ઓળખીએ અને ચાહીએ.

**મો. ક. ગાંધી**

( ગુજરાતી અનુવાદ : ઉમાશંકર જોશી )   ( સાભાર : ચિરંતન ગાંધી વિદ્યા કેન્દ્ર, નીલપર. કચ્છ )

જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ
ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.
મા શારદા

પ્રિન્ટેડ બુક

**-: વિશેષ સુચના :-**

**અમારા સંસ્થામાંથી પ્રકાશિત થતું ત્રિમાસિક મુખપત્ર 'સેવા સુવાસ' E-mail થી મેળવવા માટે www.sewarural.org પર subscribe કરો.**

**પ્રકાશક :**
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી ,
ઝઘડીયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લિક ટ્રસ્ટ રજી. નં. એફ/૧૧૦/ભરૂચ

**E-mail : sewarural@ymail.com, Website : www.sewarural.org**
**Facebook : http://www.facebook.com/sewarural**
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૮૪ ૪૩૬૧૭
**PAN No. AAATS 7375J**

શા.મ.વિ.સો. પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૯૦૩/ભરૂચ
**smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org**
ફોન નં. (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, (મો.) ૯૪૨૯૦ ૩૬૪૯૦
**PAN No. AACTS 8212L**